સમસ્ત
નાગર જ્ઞાતિનું
મુખપત્ર

# કલમ કડછી બરછી

ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૩ – વર્ષ : ૭૦
વર્ષ : જાન્યુઆરીથી ડિસેમ્બર
વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦
તંત્રી : વિરેન શાં. ધોળકિયા
૯૪૨૮૭ ૦૦૧૦૫

**દીપોત્સવી અંક**

શિક્ષણ ❧ સેવા ❧ સંરક્ષણ

**સમસ્ત જ્ઞાતિજનોને
નૂતન વર્ષાભિનંદન**



**ॐ त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम्।
उर्वारुकमिव बन्धनान मृत्योर्मुक्षीय मामृतात्॥**

બરછી કાર્યાલય – C/o ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડિંગ, રાજકોટ – 360 001.
barchhi@rediffmail.com | www.barchhi.com

જય હાટકેશ જય મા અંબિકા

## સમગ્ર જ્ઞાતિજનો ને

# નૂતન વર્ષાભિનંદન

સ્વ. નવરંગબેન રતનશંકરભાઈ બુચ પરીવાર

સ્વ. મહેશભાઈ રતનશંકર બુચ
સ્વ. કુલીનચંદ્ર રતનશંકર બુચ
શ્રી ગૌરાંગભાઈ માંકડ
ઉજ્જવલ કુલીનચંદ્ર બુચ
હીરેન મહેશભાઈ બુચ

મેહુલ કુલીનચંદ્ર બુચ
પર્વ ગૌરાંગભાઈ માંકડ
શ્રીમતી વીણાબેન મહેશભાઈ બુચ
શ્રીમતી શકુંતલાબેન કે બુચ
શ્રીમતી ઉન્નતિ ગૌરાંગભાઈ માંકડ

શ્રીમતી સોનલ ઉજ્જવલ બુચ
શ્રીમતી દીપા હીરેન બુચ
શ્રીમતી શ્રુતિ મેહુલ બુચ
આકાંક્ષા ઉજ્જવલ બુચ

**કલમ કડછી બરછીના સાઈઠમાં વર્ષે બરછી પરિવારના તમામ સભ્યો તેમજ સમસ્ત જ્ઞાતિને..**

## નૂતન વર્ષાભિનંદન!

આરંભ થયેલ વિ.સં. ૨૦૮૦ના વર્ષમાં સમસ્ત જ્ઞાતિજનોના સુખ,શાંતિ,આરોગ્ય સાથે, સાંપ્રત સમયમાં જ્ઞાતિ–પરિવારમાં વધુ જરૂરી એવા સ્નેહ,સંપ, સંતોષમાં વૃદ્ધિ થાય એવી અમારી શુભકામના.

સમયના બદલાવમાં વ્હોટસએપ ઉપર અસંખ્ય જ્ઞાતિજનોના,નવા વર્ષની શુભેચ્છા પાઠવતા મેસેજ મળ્યા છે, શુભેચ્છા પાઠવનાર સૌ કોઈના અમે આભારી છીએ.

ગત વર્ષની જેમ, સોશિયલ મીડિયા ઉપર અમે લેખકો– કવિઓને લેખન માટે ઈજન પાઠવતા મેસેજ જ્ઞાતિજનોના સહકારથી દેશ વિદેશના અસંખ્ય જ્ઞાતિજનો સુધી પહોંચતાં, આ વર્ષે પણ ગામેગામના સારી સંખ્યામાં લેખકો– કવિઓ તરફથી મૌલિક કૃતિઓ મળી છે,દર વર્ષે ઉમેરાતા જાય છે તેની ખુશી છે. આ વખતે પસંદગીનો નવો અભિગમ અપનાવી મળેલી અનેક કૃતિઓમાંથી નવોદિત  લેખકો– કવિઓને તક આપી તેમના વિચારો, સાહિત્યલેખનને અગ્રતા આપી પ્રકાશિત કરી છે, કેટલાક અગાઉના – જાણીતા લેખકો– કવિઓની કૃતિઓનો પણ સમાવેશ કરી લઘુવાર્તા,વાર્તા,હળવી શૈલીના તથા જાણકારી મળે તેવા તેમજ જીવનમાં ઉપયોગી થાય તેવા લેખ તથા કાવ્યો પસંદ કરી વાંચન વૈવિધ્ય આપવા પ્રયાસ કર્યો છે. આ અંકના લેખક–કવિઓમાં– શિક્ષક,કર્મચારી,અધિકારી તેમજ ગૃહિણીઓ પણ છે.મારી અંગત વ્યસ્તતાના કારણોસર ટાઈપીગ–સંકલનનો સમય ન ફાળવી શકાતાં તથા પાનાની સંખ્યાની મર્યાદાને કારણે, આ અંકમાં કેટલીક કૃતિઓનો સમાવેશ નથી કરી શકયા..જેને આવતા અંકોમાં અચૂક પ્રકાશિત કરીશું.દરગુજર. સૌના સહકાર બદલ અંતઃકરણથી આભારી છીએ.આવો જ સહકાર મળતો રહેશે તેવી અભિલાષા. કૃતિ સાથે લેખક/ કવિના મોબાઇલ નંબર આપ્યા છે,જેમની વાર્તા– કાવ્યો પસંદ આવે તો તેમને ફોન મેસેજ કરશો..પ્રેરક બળ મળશે.

**આભાર શુભેચ્છક દાતાઓનો :** બરછી અનુદાન નથી સ્વીકારતું તેથી, વડોદરા સ્થિત શ્રી ઉજ્જવલ બુચને પોતાના વ્યવસાયના પ્રચારની જરૂર ન હોવા છતાં,બરછીનો વધુ ફેલાવો થાય આકર્ષક થાય તેવી વિશુધ્ધ ભાવના સાથે બરછીના એક હિતચિંતક તરીકે ગત વર્ષની જેમ જ ફરી આ વર્ષે પણ બે પેઇજની શુભેચ્છા જાહેરાત મોકલી આપી.ઉજ્જવલભાઈના સૌજન્ય યોગદાનને કારણે આ વર્ષે પણ બરછીનું ટાઇટલ આકર્ષક મલ્ટીકલર પ્રિન્ટીગ શક્ય બન્યું છે.સાભાર નોંધ લઈએ કે તેઓએ તો આખું બરછી કલરફુલ બનાવવા જે રકમ થાય તે માટેની તૈયારી બતાવી. જેના સાદર અસ્વીકાર સાથે તેમના સદ્ભાવ બદલ અમે આભારી છીએ.

કલમ કડછી બરછીના શુભચિંતકો એવા ડો. અસિતભાઈ વૈશ્નવ, ડો.વિભાકરભાઈ વછરાજાની–રાજકોટ ડો. વિપુલભાઈ યાજ્ઞિક–વડોદરા, શ્રી રાજીવભાઈ વછરાજાની–યુએસએ.,શ્રી હારિત વસાવડા,અમિતભાઈ દેસાઈ – અમદાવાદ તથા અન્ય અનામી શુભચિંતક તરફથી બરછી પ્રત્યે ઉદાત્ત ભાવના સાથે શુભેચ્છા જાહેરાત ભેટ–રાશી મળી છે. જે સૌના તથા વાર્ષિક જાહેરાત આપનાર બંને જ્ઞાતિબંધુઓના પણ આ તકે આભારી છીએ.અમને મળતી ભેટ રકમનો ઉપયોગ હંમેશા બરછીના ખર્ચને પહોંચી વળવા માટે,અગાઉના સભ્યોને અંક મોકલી ફરી જોડવા તથા અન્ય શુભ હેતુ માટે જ કરવામાં આવે છે, કે જેનો લાભ જ્ઞાતિજનોને મળે.દરેકને ધ્યાનમાં રાખી લેખા–જોખા વિચારી ભવિષ્યમાં અમલ માટે વિચારીશું પરંતુ, ઘણા વખતથી અનેક જ્ઞાતિજનો ના સૂચનને ધ્યાનમાં લઈ, મળેલી આ શુભેચ્છા રાશી (રકમ)નો મુખ્ય ઉપયોગ કુરિઅર ખર્ચ માટે કરી, આ અંક આપને અમે કુરિઅરથી મોકલી રહયા છીએ. આપનું સરનામુ ચકાસી લઈ તેમાં કોઈ સુધારા–ફેરફાર હોય તો તુરત જણાવશો. પ્રતિભાવ–સૂચનો આવકાર્ય છે.ઉપરાંત આ રકમમાંથી આ વખતે પણ લેખકો– કવિઓને પુરસ્કાર આપવામાં આવશે.

–વિરેન શાંતિભાઇ ધોળકિયા–તંત્રી

જ્ઞાતિની અનેરી વિશિષ્ટતા બેઠા ગરબા :

ગરબા,બેઠા ગરબા જ્ઞાતિની અનેરી વિશિષ્ટતા છે, આપણા ઘર પરિવારમાં તો બેઠા-ફરતા ગરબા થાય છે...તાજેતરમાં ઘણા શહેરોની સંસ્થાઓ દ્વારા બેઠા તથા ફરતા ગરબાની સ્પર્ધાઓ યોજાઇ ગઇ, જ્ઞાતિમાં ગવાતા પરંપરાગત ગરબાઓ દ્વારા ગુજરાતની ગરબા સંસ્કૃતિને નવ યુગમાં ધબકતી રાખવાનો દરેકનો પ્રયત્ન બિરદાવવા યોગ્ય છે.જે તે શહેરની બહેનોએ ઉમંગભેર ભાગ લઈ આ કલા અને પરંપરા ને જીવંત રાખી છે...આયોજકો અને બહેનો ધન્યવાદને પાત્ર છે. હવે વાંચો મળેલા અહેવાલ...

## શ્રી હાટકેશ નાગર મંડળ ટ્રસ્ટ અમદાવાદના ઉપક્રમે બેઠા ગરબા સ્પર્ધાનું આયોજન

શ્રી હાટકેશ નાગર મંડળ ટ્રસ્ટ અમદાવાદના ઉપક્રમે તારીખ ૧-૧૦-૨૩ના રોજ 'આદ્યશક્તિની આરાધના બેઠા ગરબા સ્પર્ધા 2023' નું આયોજન થઈ ગયું. પ્રકાશ હાઇસ્કુલના વિશાળ ઓડિટોરિયમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં આકર્ષક મંચ સજ્જામાં અમદાવાદ તથા અન્ય શહેરોમાંથી કુલ ૧૧ ટીમે ભાગ લીધો.દરેક વૃંદના બહેનોએ સુરીલા કંઠમાં ગરબા રજૂ કરી શ્રોતાઓની દાદ મેળવી હતી.

સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રી સલીલભાઈ મહેતા, શ્રીમતી હયાતીબેન વોરા તથા શ્રીમતી આકાંક્ષાબેન છાયાએ પોતાની સેવાઓ આપી હતી, જેઓએ સૂરના ખેલૈયા - અમદાવાદને પ્રથમ જ્યારે અભિવ્યક્તિ ગ્રુપ - અમદાવાદ દ્વિતીય તથા પગરવ ગ્રુપ- અમદાવાદને તૃતીય વિજેતા જાહેર કર્યા હતા. અંતમાં વિજેતા ટીમને રોકડ પુરસ્કાર ટ્રોફી થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## અ.ભા.નાગર પરિષદ દ્વારા ગરબા સ્પર્ધા યોજાય ગઇ

અખિલ ભારતીય નાગર પરિષદ, અમદાવાદ મહિલા પાંખ દ્વારા તારીખ ૧૩ ઓક્ટોબર, ૨૦૨૩, ના રોજ શિવાનંદ આશ્રમ ખાતે ઓપન ગુજરાત અર્વાચીન - પ્રાચીન ગરબા હરિફાઈનું આયોજન થઈ ગયું.

અખિલ ભારતીય નાગર પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. શ્રી જલ્પેશભાઈ મહેતા અને પરિષદના મહિલા પાંખનાં અધ્યક્ષા શ્રીમતિ જલ્પાબેન દેસાઈ, શ્રીમતિ.વિભાબેન દેસાઈ અને શ્રીમતિ આભાબેન દેસાઈના હસ્તે દીપ પ્રાગટયથી કાર્યક્રમનો પ્રારંભ થયો. કાર્યક્રમનું સંકલન અને રૂપરેખા શ્રીમતિ ધૃતિબેન ઝાલા અને શ્રીમતિ રૂપેણબેન કિકાણીએ કર્યું હતું.

આ સ્પર્ધામાં મહેસાણા, ગાંધીધામ, જૂનાગઢ, ગાંધીનગર,વડોદરા અને અમદાવાદ ની ૨ ટીમો એમ કુલ ૭ ટીમોએ પોતાની ઉત્કૃષ્ટ કૃતિઓ રજુ કરી. અમદાવાદના ઘંટારવ ગૃપે ગેસ્ટ તરીકે સુંદર ગરબો રજૂ કર્યો. કાર્યક્રમનું સંચાલન શ્રીમતિ દર્શનાબેન અને શ્રીમતિ બિંદિયાબેને રસપ્રદ શૈલીમાં કર્યું હતું.

અંતમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા જેમાં અર્વાચીન ગરબામાં પ્રથમ : અભિવ્યક્તિ ગ્રુપ, અમદાવાદ, દ્વિતીય : સ્પંદન કલા વૃંદ વડોદરા., તૃત્તિય : નિરંજની કલા વૃંદ જુનાગઢ તથા પ્રાચીનમાં પ્રથમ : વડનગરા નાગર મંડળ, ગાંધીનગર, દ્વિતીય : નિરંજની કલા વૃંદ જુનાગઢ, તૃત્તિય વિસનગરા નાગર મંડળ મહેસાણા વિજેતા ઘોષિત થયા.

"વિશ્વ ગુજરાતી સમાજ" એ પણ આ કાર્યક્રમની નોંધ લઇ એમના પ્રતિનિધિઓ એ હાજર રહી અખિલ ભારતિય નાગર પરિષદને સુંદર સ્મૃતિચિહ્ન અર્પણ કરેલ.

આ કાર્યક્રમમાં અખિલ ભારતીય નાગર પરિષદના ટ્રસ્ટીશ્રીઓ અને પરિષદના જુદા જુદા શહેરના શાખા પ્રમુખો ઉપરાંત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો સમેત બહોળી સંખ્યામાં બંધુઓએ હાજરી આપી હતી. અંતમાં ઉપસ્થિત સર્વે નાગરજનો ભોજન પ્રસાદ લઈ છુટા પડ્યા.

## શ્રી વડનગરા નાગરમંડળ ગાંધીનગર અખિલભારત નાગરબેઠા સ્પર્ધાનું આયોજન

સંસ્થા દ્વારા, શેઠશ્રી ખીમજી વિસરામ સંસ્કાર ભવન ખાતે તા.૮/૧૦ના રોજ બપોરના ૧૨:૩૦ થી ૫:૩૦ સુધી બેઠા ગરબા સ્પર્ધા નું આયોજન થઈ ગયું. જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર સહિતની કુલ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો.

મંડળના પ્રમુખ શ્રી પ્રહરભાઈ અંજરીયાએ સ્વાગત પ્રવચનમાં દરેક ભાગ લેનાર દરેક ટીમ તથા બપોરનો સમય છતાં મોટી સંખ્યામાં બંધુઓની ઉપસ્થિતિની સાભાર નોંધ લઈ હર્ષ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું રસાળ શૈલીમાં સંચાલન કુ. ચૈતસી મહેતા અને શ્રીમતી હિનાબેન મહેતાએ કર્યું હતું. કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ કરાતા દેશ વિદેશના જ્ઞાતિજનોએ નિહાળી પ્રતિભાવ પણ આપેલ.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી વિભાબેન રાસબિહારીભાઈ દેસાઈ, શ્રી સલીલભાઈ મહેતા, શ્રીમતી રૂપાંગીબેન બુચ, શ્રીમતી અર્ચિતાબેન મહેતા મુંબઈ એ સેવાઓ આપી હતી.

સ્પર્ધાના પ્રથમ નંબરે રણકાર ગાંધીનગર બીજા નંબરે સ્વર વંદના -અમદાવાદ અને ત્રીજા નંબરે બે ગ્રુપ અષ્ટ મૂર્તિ અદાણી શંતિગ્રામ અમદાવાદ અને અભિવ્યક્તિ ગ્રુપ અમદાવાદ વિજેતા જાહેર થયા.



## શ્રીમતિ પૂર્વા ભૂષિત વસાવડા- કચ્છીએ પીએચ.ડી.ની પદવી મેળવી

અમદાવાદ સ્થિત શ્રીમતિ પૂર્વા ભૂષિત વસાવડા- કચ્છીએ ગાંધીનગર સ્થિત પંડિત દિન દયાળ ઊર્જા યુનિવર્સિટી દ્વારા (ડોક્ટર ઓફ ફિલોસોફી ઈન મેનેજમેન્ટમાં) Phd.ની પદવી પ્રાપ્ત કરી, પરિવાર તથા જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન.

ચિ. પૂર્વા, રાજકોટના હાલ અમદાવાદ સ્થિત શ્રીમતિ રક્ષાબેન તથા ભાવિનભાઈ વસાવડાનાં પુત્રવધૂ અને શ્રીમતિ દત્તાબેન તથા વિજયભાઈ કચ્છીનાં પુત્રી થાય છે.

## IBM દ્વારા એવોર્ડ મેળવતા સૌમ્ય દેસાઇ

અમદાવાદ સ્થિત શ્રીમતી હિતા અને અમિત દેસાઇના પુત્ર સૌમ્ય દેસાઇ, વર્ષ ૨૦૦૬માં અભ્યાસ અર્થે ઓસ્ટ્રેલિયા ગયા, જ્યાં ડીગ્રી અને માસ્ટર ડીગ્રી (Masters in IT Management) મેળવી સ્થાયી થયા. તેઓ છેલ્લા સાડા દસ વર્ષથી ઓસ્ટ્રેલિયા ખાતે IBM કંપનીમાં કાર્યરત છે અને હાલમાં Cloud Infrastructure Specialist તરીકેની પદભાર સંભાળી રહ્યા છે. જેઓને ઓટોમેશન તથા એમેઝોન વેબ સર્વિસ સંબંધિત જટીલ સમસ્યાઓના ઉકેલ માટે આપેલ અસાધારણ યોગદાન બદલ કંપની દ્વારા પ્રતિષ્ઠીત Entrepreneur Award થી નવાજવામાં આવ્યા છે. આ એવોર્ડ IBM અને તેના મૂલ્યવાન ગ્રાહકો માટે પ્રકિયા સરળ બનાવી પોતાની કાર્યક્ષમતા વડે ઝડપી પરિણામો આપતા કર્મચારીઓને આપવામાં આવે છે.

ચિ. સૌમ્ય, સ્વ. વસુમતિબેન અને સ્વ. શ્રી કુમુદલાલ દેસાઈના પૌત્ર, સ્વ. શ્રી જીતેન્દ્રભાઇ અને શ્રીમતી તરંગિનીબેન વૈષ્ણવના દોહિત્ર અને વડોદરા સ્થિત શ્રીમતી બીનાબેન અને કીન્નરભાઇ વત્સરાજ ના જમાઇ થાય.

## અખિલ ભારતીય નાગર પરિષદ દ્વારા દીપોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો થયા

રાજકોટ ખાતે છેલ્લા ૨૦ વર્ષથી નાગર પરિષદ દ્વારા દિવાળીને અનુલક્ષીને, દરેક વય જૂથને અને દરેકના રસ શોખને ધ્યાનમાં રાખીને વિવિધરંગી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આ વખતે પણ સૌ પ્રથમ શરદપૂર્ણિમાના રોજ શ્રી નિલેશ વસાવડા એન્ડ પાર્ટીના સંગાથે નાગર બોર્ડિંગ ખાતે રાસ ગરબાનું આયોજન હતું જેમાં બાળકો, યુવાનો તથા ૫૦ વર્ષ સુધીના જ્ઞાતિબંધુઓએ ગરબે રમવાની મોજ માણી હતી. ત્રણ ગ્રુપમાં શ્રેષ્ઠ પ્રદર્શન -વેશભૂષા માટે ઇનામો પણ આપવામાં આવ્યાં.

આ ઉપરાંત દિવાળી દરમિયાન દરરોજ વિવિધ સ્પર્ધાઓ તથા મનોરંજન કાર્યક્રમો થયા. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, કરાઓકે આધારિત ફિલ્મી ગીતોનો પ્રોગ્રામ, મિલન ત્રિવેદીના નેતૃત્વમાં અંતાક્ષરી, બાળકો માટે શ્લોક પઠન વેશભૂષાનો સમાવેશ હતો.

બે દાયકાથી પરિષદનું નિસ્વાર્થ ભાવથી પ્રમુખપદ શોભાવતા, મૃદુભાષી મુ. શ્રી જે.ટી. બક્ષીના નેતૃત્વ માં અને તેટલા જ સમયથી જ્ઞાતિ સેવારત જોડીદાર શ્રી ચેતન છાયા ઉપરાંત સર્વશ્રી બાલેન્દુભાઈ મહેતા, હર્ષિતભાઈ હાથી, સુધાંશુ શુક્લ, પદ્મનાભભાઈ બુચ, જયમીનભાઈ વસાવડા, શિરીષ કચ્છી, અભય અંજારિયા, સતિશ મહેતા, જેવા ૫૫ વર્ષ કે વધુ વયના અનેક સેવકોની જહેમતથી કાર્યક્રમો સફળ રહ્યા. તો ચેતસ ઓઝા, પ્રશાંત માંકડ, તુલન ઉત્કલ વૈષ્ણવ જેવા યુવાનોએ પણ સક્રિય સેવાઓ આપી હતી. સૌની જ્ઞાતિ અને સેવાભાવનાની સાદર નોંધ લઈ અભિનંદન આપવા ઘટે.

## મયુરપંખ પુસ્તકનો વિમોચન સમારોહ

રાજકોટના શ્રી મયુર અંજારિયા દ્વારા નિજાનંદ અર્થે છેલ્લા ૫૦ વર્ષ દરમ્યાન લખાયેલ કાવ્યો, વિવિધ લેખો,હાસ્ય લેખો ને ટૂંકી વાર્તાઓના સંગ્રહ પુસ્તક "મયૂરપંખ'નુ વિમોચન ,ફૂલછાબના ભૂતપૂર્વ તંત્રી, વક્તા અને લેખક એવા શ્રી કૌશિકભાઇ મહેતાના હસ્તે અને સાહિત્યની જ્યોત જગાવનાર શ્રી અનુપમભાઈ દોશીના અતિથિ વિશેષ પદે તા.૧/૧૦/૨૩ ના રોજ હેમુ ગઢવી મીની ઓડીટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું.

સાહિત્ય રસિકો, પરિવારજનો તથા આત્મીયજનોની હાજરીમાં હળવાશના માહોલમાં શ્રી ચૈતન્ય અંજારિયાએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. બન્ને મહાનુભાવો તથા અન્ય શુભેચ્છકોનું પુષ્પગુચ્છને બદલે મોરપીંછ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. કૌશિકભાઇના પુસ્તક અવલોકન બાદ શ્રી મયુર અંજારિયાએ મોરપીંછ પુસ્તકના કેટલાક કાવ્યો, હાસ્ય લેખના અંશોના પઠન બાદ તેઓ, શ્રી ચૈતન્યભાઈ અને કુ. ધ્વનિ વછરાજાનીના કંઠે ગીતોના ગાનને અંતે કાર્યક્રમ સંપન્ન થયો હતો.. અંતમાં અલ્પાહારથી સહુની સરભરા કરવામાં આવી હતી.

પ્રવીણ પ્રકાશન દ્વારા પ્રકાશિત ૧૯૨ પાનાના આ પુસ્તકમાં ચોટદાર કાવ્યો,
રમૂજવૃત્તિથી સભર હાસ્ય લેખો,ટૂંકી વાર્તાઓ સમાવિષ્ટ છે.જેની કિંમત ₹ ૨૫૦ છે
પરંતુ રાજકોટમાં રૂબરૂ લઈ જનાર રૂપિયા ૧૫૦/-અને કુરિયરથી મંગાવનાર
૨૦% ડિસ્કાઉન્ટ સાથે એટલે કે રૂપિયા ૨૦૦/-માં મેળવી શકાશે. પુસ્તક
મેળવવા મયુર અંજારિયા (96012 68500)નો સંપર્ક કરશો.

# 'કલાગૌરવ' પુરસ્કારથી નવાજવામાં આવતા વરિષ્ઠ કલાકારશ્રી ભૂપેન્દ્ર વસાવડા



રાજકોટના દિગ્ગજ, વરિષ્ઠ કલાકાર સંગીતજ્ઞ શ્રી ભૂપેન્દ્ર વસાવડાના સંગીત ક્ષેત્રના અમૂલ્ય યોગદાન બદલ તાજેતરમાં ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા "કલા ગૌરવ" પુરસ્કાર એનાયત કરી બહુમાનિત કરવામાં આવ્યા.

શ્રી ભૂપેન્દ્રભાઈની સંગીત કારકિર્દીની ઝલક : તેઓએ ૧૯૫૪માં ૧૨ વર્ષની વયે અમદાવાદ ખાતે સંગીતની હરિફાઇમાં ભાગ લીધો હતો. જેમાં મુખ્ય નિર્ણાયક તરીકે લતા મંગેશકરજી ઉપસ્થિતિમાં '**तू क्यों मुझको पुकारे...**' ગીત ગાયું અને લત્તાજી મંત્રમુગ્ધ બની ગયાં અને લતાજીના હસ્તે પ્રથમ વિજેતા તરીકે સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત થયો. જે સંગીત ક્ષેત્રની કારકિર્દીનું સૌ પ્રથમ સોપાન હતું. ત્યારબાદ લતાજીને તેમજ શંકર-જયકિશનને ગુરુપદે સાધ્યા અને એ વિભૂતિઓના સંગીતમાંથી પ્રેરણા લઈને ૬૯ વર્ષથી સંગીત ક્ષેત્રે કાર્યરત છે.

શ્રી ભૂપેન્દ્રભાઈએ શાળાની સ્પર્ધાઓમાં ભાગ લઈને શરુ કરેલી સંગીત ક્ષેત્રની કારકિર્દી આંતર-રાષ્ટ્રીય ફલક સુધી વિસ્તરી... તેઓએ રાજકોટ આકાશવાણીના સ્થાપના કાર્યક્રમમાં તેમજ બાળસભા તથા "યૌવન વીંઝે પાંખ" કાર્યક્રમોમાં પોતાનો અવાજ આપ્યો છે. ઈ.સ. ૧૯૬૦માં સંગીત ક્ષેત્રના નામી-અનામી કલાકારો અને વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા રહીને ભૂપેન્દ્ર વસાવડા ગ્રુપ અને યંગ આર્ટિસ્ટ ઓરકેસ્ટ્રાની શરૂઆત કરી, ત્યારબાદ સૌરાષ્ટ્ર-ગુજરાતના શહેરોમાં અને મુંબઈ, નાગપુર જેવા શહેરોમાં સંગીતના કાર્યક્રમો કર્યા. ઈ.સ. ૧૯૬૯માં પૂર્વ આફ્રિકામાં પહેલી વખત વિદેશી ધરતી પર સંગીતના સૂરો રેલાવ્યા. એ પછી લંડન, દુબઈ, અમેરિકામાં ગરબા, ભજનો, ફિલ્મી ગીતોના કાર્યક્રમો આપ્યા. તેમની સફળ કારકિર્દીમાં અનેક કલાકારો તેમજ અગ્રણીઓનો ફાળો રહ્યો છે.તેઓ શંકર જયકિશન ફાઉન્ડેશન, સુમધુર ટ્રસ્ટ સહીત અનેક સામાજિક અને સેવાકીય સંસ્થાઓ દ્વારા સન્માનિત થયા છે. ઉલ્લેખનીય છે કે તેઓને માતૃપક્ષ તરફથી મળેલા આ સંગીતના વારસાને તેમનાં પુત્રી રૂપલ અને પુત્ર ગૌરવ આગળ ધપાવી રહ્યા છે. આજના અનેક કલાકારોની સફળતામાં ભૂપેન્દ્રભાઈનું મોટું યોગદાન છે.

આ સન્માન ઘણું વહેલા થવા જરૂર હતી ખેર! સંગીતના મહારથી ભૂપેન્દ્રભાઈને ગુજરાત ગૌરવ પુરસ્કાર એનાયત કરીને સંગીત ઉપાસનાનું સન્માન કરવામાં આવ્યું છે.

જ્ઞાતિને ગૌરવ બક્ષનાર ભૂપેન્દ્રભાઈને અભિવંદન.

**દિપોત્સવીના શુભ પ્રસંગે બરછી ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ..સમસ્ત જ્ઞાતિને નૂતન વર્ષાભિનંદન.**

**શુભેચ્છક : હરિત વસાવડા**

**બેડમિંગ્ટન કોચ અને પ્લેયર-અમદાવાદ**

# સમાચાર સંચય

અમદાવાદ : ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) એ વર્ષે ૨૦૨૩- ૨૪ માટે શ્રી પશ્ચિન્ બૂચની, GCCI ની અગત્યની બે કમિટીઓ લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટેની કમિટી તથા બેન્કિંગ અને ફાઈનાન્સ કમિટીના સલાહકાર(Advisor) તરીકે નિમણુંક કરી છે. પશ્ચિનભાઈને ફરી ગર્વભેર અભિનંદન!

તાજેતરમાં અમદાવાદ તથા ગાંધીનગર ખાતે યોજાયેલ બેઠા ગરબા સ્પર્ધામાં અદાણી શાંતીગ્રામ નિવાસી બહેનો સર્વ શ્રીમતી પલ્લવીબેન વોરા, દામિની બેન દેસાઈ, અર્ચના દેસાઈ (શાંતિભાઈ ધોળકિયા નાં પુત્રી) મીનળ અંતાણી, હિરલ વોરા તથા કુંજન બુચે અષ્ટમૂર્તિ ગ્રુપના નામથી ભાગ લીધો હતો. ગાંધીનગર ખાતે ની સ્પર્ધામાં આ ગ્રુપે તૃતીય સ્થાન મેળવ્યું.

તાજેતરમાં ગાંધીનગર નાગર મંડળ આયોજિત બેઠા ગરબા સ્પર્ધામાં ગોતા વિસ્તાર અમદાવાદ ના હાટકેશજન પરિવારના બેનર હેઠળ શ્રી દુર્ગેશ વૈષ્ણવ, શ્રીમતી અર્ચના વૈષ્ણવ, શ્રી હિમાંશુ વૈદ્ય તથા શ્રીમતી રક્ષા વૈદ્યએ ભાગ લીધો હતો. ઉપરના તથા આ વૃંદના ઢોલ વાદક તરીકે આદિત વૈદ્યએ પોતાની સેવાઓ આપી હતી.

જામનગર : 'છોટીકાશી' કહેવાતા જામનગરમાં શ્રી નાગર ગરબા મહિલા મંડળ દ્વારા નવરાત્રિમાં બેઠા ગરબા વડે માતાજીની આરાધના કરવામાં આવી. પ્રો. ઉર્મિબેન મહેતા તથા ઉર્વશીબેન વૈશ્નવનાં નેતૃત્વમાં કારોબારી સભ્યો તથા સહુ જ્ઞાતિજનોનાં સહયોગથી શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરે મંડળનાં બહેનો તથા જ્ઞાતિની મહિલાઓ એકત્ર થઇ બેઠા ગરબા ગાવાની પરંપરા છેલ્લા અઢી દાયકાથી અવિરત ચાલી આવે છે. નોંધપાત્ર છે કે આજના ડિસ્કો દાંડીયાના, બદલાતા સમયના પવનમાં પણ માતાજીની આરાધનાનાં શુદ્ધ સાત્વિક અને સુરીલા રુપ તરીકે નાગર ગરબા મહિલા મંડળનાં બહેનો બેઠા ગરબા પરંપરા જાળવી રહ્યા છે.

<u>સગપણ</u> : વડોદરાના વલય અંકિતકુમાર વૈદ્ય (IPS) નું સગપણ અલ્હાબાદ (યુ.પી.) નિવાસી અંશિકા વર્મા (IPS) સાથે.

<u>ક્ષમાપના</u> : ગતાંકમાં, યુએસએ સ્થિત ચિ. આરના વછરાજાની (ઈશિત રાજીવ વછરાજાનીનાં પુત્રી) દ્વારા પ્રકાશિત થયેલ ઉદય- Rise of Sun ના વિમોચન સમારોહના અહેવાલમાં પહેલી અને છેલ્લી લીટીમાં મારા દ્વારા ભૂલથી આરના ઋત્વિજ વછરાજાની છપાયેલ છે, જે આરના ઈશિત વછરાજાની વાંચવું.

*************************************


<u>લગ્ન વિષયક જાહેરાત</u>:

★ જન્મ : ૪/૧૯૯૪, બી. એ. ઇન્ટિરીયર ડિઝાઇનર, એમ. એ. (હિસ્ટ્રી) ૫'.૫" ઊંચાઇની વડનગર નાગર કન્યા માટે યોગ્ય યુવક. સંપર્ક : 98252 74 364

★ જન્મ : બી. કોમ. ઇન્ટર સી.એ. સી.એ. ફોર્મમાં નોકરી કરતી કન્યા માટે યોગ્ય યુવક. સંપર્ક : 94 266 50 265

## નિસર્ગ બુચને ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય એવોર્ડ



મૂળ રાજકોટના અને ગાંધીનગર સ્થિત જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં સક્રિય દંપતી શ્રી દર્પણ રજનીકાંત બુચ અને શ્રીમતી જિજ્ઞા દર્પણ બુચના પુત્ર નિસર્ગ બુચને 'એક્સલર બુક્સ સંસ્થા' તરફથી ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે "આંતરરાષ્ટ્રીય એક્સલન્સ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો. ભારત તથા વિદેશના ૧૦૦થી વધારે અગ્રગણ્ય અખબારોમાં જેની નોંધ લેવામાં આવી.

નિસર્ગ બુચ "રૈવતક" ઉપનામ સાથે લાંબા સમયથી કવિતાઓ, માઈક્રોફિક્શન વાર્તાઓ, લેખ વગેરેનું સર્જન કરી રહ્યા છે અને તેમની અનેક સ્વ રચનાઓ વિવિધ મેગેઝીન, અખબારોમાં તથા ઓનલાઈન માધ્યમ ઉપર પણ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જાણીતા ઓનલાઈન મ્યુઝિક એપ "Spotify" ઉપર પણ તેમના અવાજમાં તેમની સ્વલિખિત વાર્તા પ્રસિદ્ધ થયેલ છે, ગાંધીનગર સાહિત્ય સભાના દીપોત્સવી અંકમાં નિસર્ગને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે બુક શેર કરવાનો અનેરો અવસર સાંપડ્યો.

ચિ. નિસર્ગ, જાણીતા જ્ઞાતિ અને સામાજિક અગ્રણી શ્રી અરૂણભાઈ બુચના મોટા ભાઈ સ્વ. રજનીકાંત હર્ષદરાય બુચ અને સ્વ. રસિલાબેન રજનીકાંત બુચના પૌત્ર તથા મૂળ જૂનાગઢના અને હાલ અમદાવાદ સ્થિત શ્રી ઋષિકેશ માર્કંડરાય વૈષ્ણવ અને સૌ. રાજેશ્વરીબેન વૈષ્ણવના દોહિત્ર થાય.

જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં પણ સક્રિય, પ્રતિભાશાળી નવ યુવા સાહિત્ય સર્જક નિસર્ગને અભિનંદન સહ શુભેચ્છા.

☆ ☆ ☆ ☆ ☆

## મા. સ્નેહલીલાબેન દેસાઈએ ૧૦૦ વર્ષ પૂર્ણ કરતાં માતૃવંદના

રાજકોટ સ્થિત મા. સ્નેહલીલાબેન વામનપ્રસાદ દેસાઈએ ૧૦૦ વર્ષ પૂર્ણ કરતાં શ્રી હિતાર્થભાઈ દેસાઈ - શ્રીમતી દિવ્યાબેન દેસાઈ તથા પરિવાર દ્વારા તા. ૦૨/૦૯/૨૦૨૩ના સાંજના તેમનાં નિવાસ સ્થાન ખાતે ફળ ફૂલ છોડથી હર્યા ભર્યા વાતાવરણમાં પરિવારજનો, સ્નેહીઓ શુભેચ્છકોને ઉષ્માભેર આમંત્રિત કરી સુવર્ણ જયંતી વર્ષ નિમિતે ભાવ સભર માતૃ વંદના કરવામાં આવી હતી. આ વિશેષ કાર્યક્રમમાં જાણીતા હાસ્ય લેખક શ્રી પ્રદ્યુમનભાઈ જોષીપુરાએ પ્રસંગને અનુરૂપ સંબોધનમાં તેમના મોટા બેન એવાં મુ. સ્નેહલીલાબેન સાથેના સંસ્મરણો વાગોળી, તેમની કુટુંબ ભાવના, ફરજ નિષ્ઠા, કાર્યશીલતા, આ ઉંમરે પણ દરેક વિષયમાં રસ રુચિ વિશેની વાતો તેમની હળવી શૈલી સાથે કરી હતી. તો જાણીતા કવિ શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ મા. સ્નેહલીલાબેનના જીવનને નામ સાથે વણી લઈને રચેલ સ્વ રચિત રચનાના પઠન સાથે ભાવ વંદના કરી હતી.

શ્રી ઉપીન ઓઝાના આયોજન અને શ્રી દેવાંગ મંકોડી દ્વારા કાર્યક્રમ સંચાલનમાં શ્રી નિલેશ વસાવડા તથા (મારા સહિત) અન્ય કલાકારોએ કરાઓકે સિસ્ટમ પર ગીતો રજૂ કર્યા હતાં. અંતમાં સૌ, વડીલના આશીર્વાદ મેળવી દેસાઈ પરિવાર તરફથી મિષ્ઠ ભોજનને ન્યાય આપી છૂટા પડ્યા હતા.

(આ તકે વિશેષ નોંધ લઈએ કે હિતાર્થભાઈ અને દિવ્યાબેન બાગાયતનનો શોખ ધરાવે છે. વિશાળ પ્રાંગણમાં વિવિધ પ્રકારના ફળ ફૂલનાં વૃક્ષો ઉપર તેના નામ,પ્રદેશ પણ લખેલાં જોવા મળે છે.. હિતાર્થભાઈ વિસ્તૃત જાણકારી પણ આપે. આમ, જતન માટે ખૂબ જ ધીરજ અને સમય માગી લે તેવો આ શોખ સૌ માટે પ્રેરક છે. મનની શાંતિ માટે હરિયાળી માણવા જેવી!)

## સાહિત્ય રત્ન :

# હિંમતલાલ ગણેશજી અંજારિયા

(૨-૧૦-૧૮૭૭ - ૨૮-૬-૧૯૭૨)

રાજકોટમાં જન્મ. ૧૮૯૮માં વડોદરા થી બી.એ. થયા બાદ ૧૮૯૯માં ગોંડલ રાજ્યના કેળવણી ખાતામાં નોકરી સ્વીકારી અને ૧૯૦૫માં એમ. એ. થયા બાદ ૧૯૦૬ થી ૧૯૩૨ સુધી મુંબઈની નગરપાલિકાની શાળા સમિતિમાં પહેલા મદદનીશ અને બાદમાં મુખ્ય અધિક્ષક તરીકે કામગીરી બજાવી. ત્યારબાદ નિવૃત્તિ પૂર્વેના એક દસકા દરમિયાન કર્વે કોલેજ જે પછીથી એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી તરીકે જાણીતી થયેલી મહિલા કોલેજના સંચાલનમાં સક્રિય રહ્યા.

આજીવન અધ્યયન અને અધ્યાપનમાં રત રહેલા હિંમતલાલભાઈએ વ્યાપકપણે ઉપયોગી નીવડે એવાં ગુજરાતીનાં ગદ્ય પદ્ય કૃતિઓના સંપાદનો આપ્યા છે.દેશભક્તિના કાવ્યો ૧૯૦૩/૧૯૦૫ 'કાવ્ય માધુર્ય' 'કવિતાપ્રવેશ' -૧૯૦૮, ગુજરાતી નાટકોના ગીતો સહિતની પ્રચલિત ગુજરાતી ગેય રચનાઓનો સંચય 'સંગીત મંજરી'- ૧૯૦૯, બાળ કાવ્યોનો સંચય 'મધ્યબિંદુ' -૧૯૧૫ પદ્ય સંગ્રહ ૧૯૨૦ 'સાહિત્ય પ્રવેશિકા'-૧૯૨૨ તથા તેની ૧૯૪૩માં શાળેય આવૃત્તિ સાહિત્ય પ્રારંભિક, ગદ્ય પ્રવેશ ૧-૨ ૧૯૩૧-૩૨, પદ્ય પ્રવેશ, કાવ્ય સૌરભ ૧૯૪૯ વગેરે તેમના સંપાદનો સાહિત્ય રસિકોની વાંચન રુચિ માટે તેમજ વિદ્યાર્થીઓને પૂરક વાચન માટે સહાયક બનેલાં છે. જેમાં ૧૯ અને ૨૦ મી સદીના સંધિ કાળની ગુજરાતી કવિતાનું પાલગ્રેવની 'ગોલ્ડન ટ્રેઝરી'ની ઘાટીએ થયેલું સંપાદન 'કાવ્યમાધુર્ય'-૧૯૦૩ નોંધપાત્ર પ્રદાન છે.

ઉપરોક્ત સંપાદનોમાંના અભ્યાસ લેખોમાં તેમની કાવ્ય રુચિ, સાહિત્યની સમજ તથા સરળ પ્રવાહી અને છટાયુક્ત ગદ્યનો પરિચય થાય છે. આ સંપાદનો ઉપરાંત તેઓએ કાલિદાસ કૃત નાટક 'વિક્રમોર્વશીયમ'નો અનુવાદ પણ ૧૯૦૬માં કર્યો છે. ગુજરાતી કવિતા અને સાહિત્ય ઉપરાંત ઇતિહાસ, ભૂગોળ, સ્ત્રી શિક્ષણ તથા બાળ ઉછેર જેવા વિષયોને આવરી લેતી કેટલીક પુસ્તિકાઓ પણ લખી છે.

જ્ઞાતિના આવા મૂર્ધન્ય સાક્ષરરત્નને શત શત નમન.

સંપાદન : રસિકભાઈ દવે હ. શ્રી અશોક અંજારિયા, વડોદરા.

DIVINE REHABILITATION CENTER

ગુજરાતમાં સૌપ્રથમ વખત બાળકો તથા મોટી ઉંમરના લોકો માટે મળે છે આ બધી જ સારવાર એક જ જગ્યા પર

બોલવાની તકલીફ
સાંભળવાની તકલીફ
સ્નાયુના દુખાવા
લકવો
વ્યસનમુક્તિ



માનસિક તણાવ
અતિચંચળ બાળક
વર્તનને લગતી તકલીફ
લખવા વાંચવાની તકલીફ
કપાયેલા અંગ માટે ખોટા અંગો બનાવવા



સ્થળ: ડિવાઈન રીહેબીલીટેશન સેન્ટર
૧૩/૩, જાગનાથ પ્લોટ, કાઠીયાવાડ જીમખાના પાછળ, યાજ્ઞિક રોડ, રાજકોટ
મોબાઈલ : ૯૦૧૬૯૪૮૧૩૭

# સ્વ. વિનોદબાળાબેન મૂળવંતરાય ધોળકિયા (૧૯૧૨ - ૧૯૫૩)

## ૭૦ મી પુણ્યતિથિએ ભાવાંજલિ



'બરછી'ના આદ્ય તંત્રી મુ. શાંતિલાલ મગનલાલ ધોળકિયાના મોટાભાઈ અને એ જ નામે કુટુંબમાં ઓળખાયેલા 'મોટાભાઈ' તે મૂળવંતરાયના ધર્મપત્ની સૌ. વિનોદબાળાબેનના સ્વર્ગવાસને આજે સિત્તેર વર્ષના વ્હાણા વાઈ ગયાં, અને છતાં પુરા ધોળકિયા પરિવાર પર તેમની છત્રછાયા લીલીછમ છે.

પરણીને મોટા પરિવારનું સુકાન સંભાળ્યું હોવા છતાં તેમને બધા જ સભ્યો બાળાબેન તરીકે જ સંબોધતા એ ઘટના તેમની સૂહૃદયતા તેમની આત્મીયતા સૂચવે છે.

રુજુ મૃદુલ સ્વભાવ અને સર્વ પ્રતિ પ્રેમભર્યો આત્મીય વર્તાવથી તેમના પિયર રાવ સાહેબ છગનલાલ મુગટરામ માંકડ અને સાસરીયા મગનલાલ ગુલાબરાય ધોળકિયાના વિશાળ કુટુંબમાં ટૂંકી જિંદગીમાં પણ સર્વનો પ્યાર માન પામ્યાં અને હતાં પણ બાળાબેન નવયુગનાં... નવું કરવાની તમન્ના વાળાં, વાંચન- સાહિત્ય, રાસ- ગરબા, પાક શાસ્ત્ર, બધાંમાં રસ ધરાવતાં, જમાનાથી આગળ અધ્યતન વિચાર શૈલી ધરાવતાં, મહિલા. પરંપરા તેમને બાંધી શકતી નહીં. તેમનો આ ગુણ તેમના તમામ સંતાનો સ્વ. દિલીપભાઈ ડો. પ્રદ્યુમનભાઈ, નાની દીકરી વંદના તથા વિદ્યમાન બેન નયના અને ડો. અખિલેશમાં ઉતરી આવેલો. પ્રત્યેક પોતાના ક્ષેત્રના નિષ્ણાત.

વિદ્યા અને વાચનનો એ જમાનામાં વિરલ એવો વારસો બાળાબેનને તેમના પિયર માંથી મળેલો. જે તેમણે સાસરાની જવાબદારી વચ્ચે વિકસાવેલો.

તેમનો પિયર-પરિવાર એટલે રાજકોટના જ્ઞાતિ અગ્રણી છગનલાલ મુગટરામ માંકડ. બ્રિટિશ કાઠિયાવાડ એજન્સીના હાકેમ-તેમની ઈકલૌતી પુત્રી અને વિરમગામમાં વસેલા પ્રતિષ્ઠિત ડો. નવનીતરાય (એન.સી.) માંકડના બેન.

બોલો!

આવા બાળાબેન ૧૯૪૮-૫૦ના ગાળામાં પરિવારના વિદ્યાર્થી સભ્યો પાસે પ્રશિષ્ટ પુસ્તકો મંગાવીને ફુરસદના સમયમાં વાંચતાં . નવ યુવાનોને એવો પ્રશ્ન કરતાં, "તું શું માને છે ? સ્ત્રીઓએ લાજ કાઢવી જોઈએ?"

બરાબર દસ વરસે એમના મોટા પુત્ર દિલીપભાઈએ જાહેરાત કરી, 'કુટુંબની વહુઆરુ આજથી લાજ નહીં કાઢે, મર્યાદા જરૂર પાળશે.' આવા હતાં બાળાબેન.

નવ યુગના મશાલચિ!

૭૦ મી પુણ્યતિથિએ અમારા શત શત વંદન.

સંકલન : મહેશ ધોળકિયા

## સલામ લળી લળીને,બોણી ગણી ગણીને!-દિપક બુચ,અમદાવાદ.૯૪૨૭૬ ૧૬૫૧૧

મારી જેમ રીટાયર કક્ષાના પોર્ટફોલિયોમાં ઝેરોક્સ કરાવેલ કાગળો લઈને ઘેર આવતો'તો.

'ઉતર્યો અમલદાર કોડીનો' તેમ હાથમાં 'પુરાણો પોર્ટફોલિયો પટ્ટાનો' જેવો હોવા છતાં,રસ્તામાં આવતી ઈનકમ ટેક્સ ઓફિસના દરવાજે ઉભેલ ચોકીદારે લળીને નમન કર્યા! મારા દીદાર ડેપ્યુટી કમિશનર જેવા ન હોવા છતાં તેમજ પોર્ટફોલિયો પણ પાયમાલ દશામાં હોવાથી મને સાનંદાશ્ચર્ય થયું.

વિચાર ઝબુકયો કે "મૈં ભી ચોકીદાર" ના સંદર્ભે,બધા દિન ઉજવાય છે તેમ આજે "ચોકીદાર દિન" હશે?! પણ તરત યાદ આવ્યું કે સવારમાં ઉઠતાંવેંત ફેસબુક ફંન્ફોળેલ ત્યારે,"હેપ્પી ચોકીદાર ડે" જેવું કાંઈ નજરે ચડેલ નહીં!

હજી માંડ થોડાં ડગલાં આગળ ગયો હોઈશ ત્યાં,સામે ટપાલી મળ્યો,કહે:"સાહેબ,મજામાં છો ને? હમણાં ઘણાં સમયથી તમારીટપાલ-બપાલ કેમ નથી?!"

ચોકીદાર અને ટપાલીના આવા ઉપરા-ઉપરી ભાવુક ભાલાઓથી તેઓનો 'ટારગેટ' યાદ આવ્યો! અરે હા,આવતા અઠવાડિએ તો દિવાળી!બોણીના બોર ચૂંટવા આવશે ને?

આ લોકો! આપણને જાળમાં લઈ તેઓએ 'નેટ પ્રેક્ટિસ' તો કરવી પડને?!

ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રમાં વ્યસ્ત લોકોએ બોણી માંગવી એ તેઓની ગરજ અને આપવી એ આપણી ફરજ ગણાય.'દનૈયું રળતી' કેટેગરીમાં,તેઓને કામે રાખનાર પાસેથી લાંબા ગાળાના લાભ;તેઓને ઉપલબ્ધ હોતા નથી.અમીરીની નીચલી રેખા અને ગરીબીની ઉપલી રેખાનો ગેપ,અલબત્ત ઘટ્યો છે પણ તે જંગમ કક્ષાએ.બાકી,માનસિક સ્તરે આર્થિક અસમાનતાનો ગેપ અચળ રહયા કરે છે!

સરકારી,અર્ધ સરકારી અને સંગઠિત ક્ષેત્રે પગારના ધોરણો બહુ વ્યવસ્થિત રીતે વધે છે.

પગાર અને પેંશનમાં, 'મોંઘવારી વધી' તે શબ્દ પ્રયોગથી;માર્કેટમાં ખરેખર મોંઘવારી વધે છે!

'મોંઘવારી નાથણું' વધ્યું તેમ કહેવું જોઈએ!

અમીર લોકો પૈસાથી આનંદનો "ટેસ્ટ" ખરીદી શકતા નથી,પણ ગરીબ લોકો પૈસાથી આનંદનો "ટેસ" ખરેખર માણે છે,તે પણ બોણીના પૈસાથી તો ખાસ!

ભલે વર્ષે,પણ બોણીની કોણીનો ઘોદો આકરો લાગે છે! પણ આપ્યા વગર છૂટકો પણ નથી.

નવરાત્રીના નવ દિવસના માહોલ પછી તરત બોણીનો પંદર દિવસનો માહોલ શરૂ થાય છે! બધા કામવાળા દિલ દઈને કામ કરે છે.

સાવરણી સોફા નીચે ઢંકાયેલા આખા લંબચોરસ ક્ષેત્રફળને સંપૂર્ણપણે આવરી લે છે । તો પોતું વ્યવસ્થત રીતે નિચોવેલું,આખુંય પાણીદાર હોય છે! ગેસની બોટલ મુકવા આવનાર જેવા લોકોએ બોણી માટે ઘણી રાહ જોવી પડતી હોય છે.આમ બોણીની આશામાં સઘળાં કામ વ્યવસ્થિત દ્રશ્યમાન થાય છે અને પરચુરણ કામ માટેની મદદની ઓફર તો આવ્યા જ કરે છે.

'બોણી' ને માત્ર દિવાળી સાથે જ લેવાદેવા છે તેવું નથી. કોઈકવાર કોઈ ધંધાર્થી આપણે પૈસા ઓછા કરવા કહીએ ત્યારે પુરા પૈસા લેવા બોણીનું બાણ ચલાવતાં કહે છે:"સાહેબ,તમારાથી પહેલી બોણી થાય છે!"

ત્યારે થાય કે બોણી,બીજી,ત્રીજી એમ ઘણી હશે?!

વર્ષો પહેલાં,ભાતભાતના ચિત્રોવાળા અને લગભગ દરેક દેવી-દેવતાના ચિત્રોવાળા;નવા વર્ષની શુભેચ્છાઓના કાર્ડ આવતાં.હું નાનો હતો તેથી ભાઈબીજના દિવસે ટપાલીની આતુરતાપૂર્વક રાહ જોતો,મારો 'થપ્પાલય' વધશે તે આશામાં.

'ટપાલની આશા અને આતુરતા' ને હજી બીજી કોઈ આશા કે આતુરતા માત કરી શકી નથી!

આથી વડીલો પણ,ટપાલીએ છેલ્લા કેટલાક દિવસથી અટકાવી રાખેલ ટપાલ આપવા આવશે તેની રાહમાં જોવા મળતા અને ટપાલ મેળવ્યાના આનંદમાં બોણી આપ્યાનો ખટકો ઓગળી જતો.જો કે ટપાલી પણ,જે પૈસા આપે તે હર્ષથી સ્વીકારતા.

હવે તો બોણીમાં પણ 'યુનિયની ટોન' આવી ગયો છે! આટલાથી ઓછું ન ખપે!

પરંપરા મુજબ,ગયે વર્ષે બે ટપાલી ખાલી હાથે મારે ત્યાં આવ્યા.મેં બારણું ઉઘાડયું ત્યાં તેઓએ કહ્યું:"સાહેબ બોણી"

સરકારી ક્ષેત્રે સિનિયર કર્મચારીઓના માસિક પગાર લગભગ ૪૦ થી ૬૦ હજારની રેન્જમાં હોય છે તેને મધ્યે નજર રાખતાં,

મેં કહ્યું:"હા,આપો! કેટલી આપો છો?!"

મો'માં સાકર અને હાથમાં "બોણી" લઈને નીચી નજરે ગયા! થયું, આવતે વર્ષે નહીં આવે!

પણ,આ લખું છું ત્યારે બોણીનો માહોલ શરૂ થઈ ગયો છે તેથી થાય છે કે જરૂર આવશે!

## ઈશ્વર અને સ્વામી વિવેકાનંદ

- પરેશ અંતાણી. રાજકોટ. મો. ૯૯૭૯૨૨૪૭૫૫

સ્વામી વિવેકાનંદ એટલે આત્મવિશ્વાસના હિમાલય.....યુવાનોના આદર્શ અને ભગવાન પ્રત્યેની શ્રધ્ધાના મહાસાગર. સ્વામી વિવેકાનંદ જબરદસ્ત આસ્તિક માણસ હતા.માટે જ તેઓ ગુરુની શોધમાં જ્યાં –જ્યાં ગયા ત્યાં –ત્યાં તેમને એક જ પ્રશ્ન કર્યો હતો કે શું તમે ભગવાનને જોયા છે ? તમે મને ભગવાનના દર્શન કરાવી શકશો ? બધાનો જવાબ ના હતો,પરંતુ આ જ પ્રશ્ન રામકૃષ્ણ પરમહંસને કર્યો ત્યારે જવાબ મળ્યો હતો કે....હા, મેં ભગવાનને જોયા છે અને હું તને તેના દર્શન કરાવી શકું છું. સ્વામીજીએ પરમહંસને પોતાના ગુરુ બનાવી દીધા કારણ સ્વામીજી એવા ગુરુની શોધમાં હતા કે જેને ઇશ્વરમાં શ્રધ્ધા હોય. આ ગુરુ –શિષ્ય જગતમાં શ્રેષ્ઠ ગુરુ - શિષ્ય સાબિત થયા . વિવેકાનંદને ઈશ્વર પ્રત્યે અતૂટ શ્રધ્ધા હતી, તે બાબત તેમના જીવનના કેટલાંક પ્રસંગો પરથી જાણી શકાય છે .

સ્વામી વિવેકાનંદજી અમેરીકામાં ધાર્મિક પ્રવચન કરતા હતા. અમેરીકનો સ્વામીજીની વાણીનો લાભ લેતા હતા. આ પ્રવચનોમાં સ્વામીજી કૃષ્ણ અને ગોપીઓના પ્રેમનું વર્ણન કરતા હતા. ગોપીઓ કૃષ્ણના પ્રેમમા એટલી બધી પાગલ હતી કે કૃષ્ણ વાંસળી વગાડતા હતા ત્યારે ગોપીઓ ઘરનું બધું કામકાજ છોડીને દોડી જતી હતી. આ ઘટનાને અમેરીકનો સ્વીકારવા તૈયાર ન હતા. આટલી હદ સુધી પાગલપન હોય શકે? જો આવું શક્ય હોય તો સાબિત કરી બતાઓ...સ્વામીજીએ આ ચેલેન્જ સ્વીકારી લીધી અને કહ્યું કે હું આ બાબત સાબિત કરી બતાવીશ . આમ નિયમિત પ્રવચન ચાલતા રહ્યા.

એક દિવસે સ્વામીજીએ એક સરસ રસપ્રદ વાર્તા કહેવાની શરૂઆત કરી અને અંત આવ્યો ત્યારે અટકી ગયા. તેમને હવે કહ્યું કે જેને પણ આ વાર્તાનો અંત સાંભળવો હોય તે મારી સાથે દોડતા– દોડતા સામેની ટેકરી પર ઝડપથી આવે. વાર્તા એટલી રસપ્રદ હતી કે લોકો તેનો અંત જાણવા માટે સ્વામીજી પાછળ પાછળ દોડવા લાગ્યા. કોઈએ ચપ્પલ પહેર્યા તો કોઈ એક ચપ્પલ વડે જ દોડ્યુ તો કોઈ વગર ચપ્પલે દોડ્યુ, કેટલાક પડી પણ ગયા છતાં ઊભા થઈને દોડ્યા . ટેકરી પર પહોંચ્યા પછી સ્વામીજીએ બધાને બેસાડીને સમજાવ્યું કે, ‘જુઓ હું તો સામાન્ય માણસ હતો છતાંપણ તમે મારામાં શ્રધ્ધા રાખી અને શરીરનું પણ ભાન રાખ્યા વગર જ અહીં પહોંચી ગયા તો જરાક વિચાર કરો કે કૃષ્ણતો સ્વંય ભગવાન હતા!’ પછી ગોપીઓ તેમની પાછળ પાગલ થાય જ ને.....?

સ્વામીજીની આ તર્કશક્તિ આગળ અમેરીકનો હાર માની ગયા

અને ભગવાનમાં શ્રધ્ધા માનવા લાગ્યા .

આવો જ એક બીજો પ્રસંગ : એક રાજ દરબારની ઘટના છે. એક દરબારને એક પુત્ર હતો . તે ભગવાનમાં માનતો ન હતો. ઘણા પ્રયત્નો કર્યા પરંતુ કાંઇ ફરક પડ્યો નહિ. ઘણાબધા સાધુ-સંતોનો આધાર લીધો પરંતુ સફળતા મળી નહિ . કોઇકે કહ્યુ કે સ્વામીજીને બોલાવો. દરબાર સ્વામી વિવેકાનંદ પાસે આવ્યા અને પોતાના દિકરાની બધી બાબત કહી સંભળાવી. દિકરાને ઘરે આવીને સમજાવવા કહ્યું. સ્વામીજીએ ચોક્કસ દિવસ અને સમય ફાળવી દીધો. તે સમય મુજબ સ્વામીજી દરબારના ઘરે પહોંચી ગયા. સ્વામીજી દિવાનખંડમાં બેઠા હતા. દરબારનો છોકરો આવ્યો ત્યાં સુધી દિવાનખંડનું નિરીક્ષણ કરતાં હતાં . દિકરો ઉપરનાં માળેથી સીડી ઉતરી નીચે આવ્યો . સ્વામીજીની સામે આવીને બેસી ગયો . સ્વામીજીએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે ભલે આપણે ભગવાનને જોયા નથી પરંતુ ભગવાન છે તે શ્રધ્ધાનો વિષય છે. છોકરો કોઇ કાળે માનવા તૈયાર ન હતો. ત્યારે સ્વામીજીએ સૂક્ષ્મ સમજનો ઉપયોગ કરીને દિવાનખંડ માં લગાડેલા દાદા- પરદાદા અને પૂર્વજોનાં ફોટા બતાવતા છોકરાને પૂછ્યું કે તે તારા દાદાને જોયા છે ? છોકરાએ હા પાડી. ફરી પૂછ્યું, દાદાના દાદાને જોયા છે ? છોકરાએ ના કહ્યું. છોકરાને ફોટા બતાવતા સ્વામીજીએ કહ્યુ આ ફોટાના માણસને જો તું ઓળખતો ના હોય , તે ક્યારેય તેમને જોયા ન હોય તો તું આ ફોટા પર થૂંક....સ્વામીજીનો આ પ્રશ્ન સાંભળી દરબાર અને છોકરો બન્ને લાલ-પીળાં થઇ ગયા. છોકરાએ કહ્યું, આ તમે શું કહી રહ્યા છો? મારા દાદા- પરદાદા ને જોયા નથી તો શું થયું? હું તેમના ફોટા પર થૂંકી ન શકું. ત્યારે સ્વામીજીએ ખૂબજ સુંદર જવાબ આપતા છોકરાને સમજાવ્યું કે, જો તે તારા દાદા - પરદાદાને જોયા નથી છતાં માને છે કે તે મારા દાદા છે તો પછી આ સંસાર જેમને બનાવ્યો છે અને જે જગતને ચલાવી રહ્યા છે તેમને જોયા હોય કે ન જોયા હોય તેનાથી કાંઇ ફરક પડતો નથી. આપણે તેના અસ્તિત્વને નકારી ન શકીએ. ભગવાન એ શ્રધ્ધાનો વિષય છે. છોકરો સ્વામીજીના પગમાં પડી ગયો અને ભગવાનના અસ્તિત્વને માનવા લાગ્યો .

આવી અપાર તર્કશક્તિ અને ઇશ્વર પ્રત્યેની શ્રધ્ધા સ્વામીજીના જીવનમાં જોવા મળતી હતી પરંતુ આજે વર્તમાન સમયે જેમ – જેમ વિજ્ઞાન પ્રગતિ કરતું જાય છે તેમ – તેમ મોટા ભાગના યુવાનો ધર્મ અને ભગવાનથી વિમુખ બનતા જઈ રહ્યા છે તે પણ સમાજ અને દેશ માટે એક ચિંતાનો વિષય બની રહ્યો છે .

(સંદર્ભ;સોશિયલ મીડિયા)

# With Best Compliments from

UNITED MINDS
*Let's Create New Possibilities*

**UJJAVAL K BUCH, MCC**
Director and Master Certified Coach
(Internal Coaching Federation – USA)

UNITED MINDS
*Let's Create New Possibilities*

- Executive Coaching
- Culture Augmentation and Renewal
- Authentic Conversations
- Designing Customer Experience and Employee Experience Journeys
- We're serving top corporate clients in India and across the globe

+91-99099 13669 | +91-99099 89669
info@unitedminds.co.in | coach@unitedminds.co.in | www.unitedminds.co.in

www.abhishek.info

## અંતરીક્ષ : ઊંડાણ અને ખેડાણ

– અનુપ વોરા, અમદાવાદ. મો.૯૯૦૯૯૮૫૭૦૯

ચન્દ્રયાન 3 ની સફળતાએ ભારતના અંતરીક્ષ કાર્યક્રમોમાં, નાના મોટાં બધાંને રસ લેતાં કર્યા તે જોઇને, આ લેખ લખવાની પ્રેરણા થઇ. આ જટીલ વિષયને સાદી ભાષામાં વ્યક્ત કરવાનો પ્રયાસ છે.

ઉપગ્રહો મોકલ્યા પછી તે નથી રીપેર થતા, નથી રીપ્લેસ થતા, નથી કોઇ નવી ટેકનોલોજીથી અપગ્રેડ થતા. કારમાં લોક કે એર બેગમા ખામી હોય તો હજારોમાં પાછી મંગાવ્યાનુ ઘણી વાર વાંચીએ છીએ જે અહીં સંભવ નથી. આથી જ આ વિષય અતિ ગંભીર અને ચીવટવાળો થઇ જાય છે, ખાસ કરીને સામાન્યતઃ થી ૧૦૦૦ કરોડ રુપીયામાં એક ઉપગ્રહ પડતો હોય ત્યારે.

આ વિષયનાં ઊંડાણ સમજવા થોડી તકનિકી વાતો કરીએ,..

અંતરીક્ષમાં તાપમાનની રેન્જની તકલીફ મોટી છે. ત્યાંનો તડકો ૧૫૦ ડીગ્રી સેન્ટીગ્રેડ અને છાંયડો માઇનસ ૧૩૦ સુધી જઇ શકે. આપણે ઉનાળામા એ વસ્તુ ૪૫ અને ૩૫ વચ્ચે ખુલ્લામાં અનુભવીએ છીએ. આવા સમયે જમીન ઉપર તો ઉપગ્રહ ૨૨ થી ૨૫ ડીગ્રીએ એકીકૃત અને ટેસ્ટ કરેલ હોય તે તીવ્ર તનાવમાં આવી શકે છે કે જેના પૂરજા વાળના વ્યાસના પાંચમા ભાગ જેટલી ચોકસાઇથી, ચુસ્ત રીતે ગોઠવેલા હોય છે. તે આ થર્મલ સ્ટ્રેસમાં આડાઅવળા થઇ શકે છે. આ કાયમની સમસ્યાના વિવિધ રીતે નિવારણ કરી, ટેસ્ટ કરીને મોકલાતા હોય છે. ઇલેક્ટ્રોનિક્સ પાર્ટસ તો આટલા ઓછા કે વધુ તાપમાને બગડવા સહજ છે. એટલે જ ચંદ્રયાન 3 લેન્ડર પર જેવો છાંયડો આવ્યો કે તે -૨૦૦ ડીગ્રી બાજુ જવા મંડ્યું અને ઉપયોગી ન રહ્યું.

આવી જ ઉપાધિ લોન્ચ વખતે ઉપગ્રહના માળખા ઉપર લાગતા અનેક પ્રકારના ફોર્સની છે. આકાશમાં સુંદર સરકતુ લાગતું રોકેટ અંદર રાખેલા ઉપગ્રહને કેટલું હચચાવતું હશે? ૬૦ની સ્પીડે જતો છકડો જ્યારે સ્પીડ બ્રેકર પર બ્રેક માર્યા વગર આગળ વધે ને અંદર રહેલાને જે અનુભવાય તેનાથી તો અનેક ગણો અનુભવ રોકેટની અંદર થાય. ફરી તે પણ વાળની સાઇઝના પાંચમા ભાગમાં ગોઠવેલી નાજુક સીસ્ટમ ને હચમચાવી શકે કે તોડી પણ શકે. સાઉન્ડ બેરીયર્સને તોડતું રોકેટ નમણા ઉપગ્રહ ને ધણધણાવે ત્યારે તેના નટ બોલ્ટ લૂઝ ન થવા જોઇએ.

અંદર સેમીકન્ડક્ટર અને ગ્લાસ જેવાં અતિ બરડ પદાર્થોને આ પરિબળો વચ્ચે સાચવવા અતિ વિકટ કામ છે. નિર્વિઘ્ને પાર પડ્યું કે નહીં તે તો ઉપર ગયા પછી જ ખબર પડે ત્યારે તો કરોડો ખર્ચાઇ ચૂક્યા હોય. આ ગંભીરતા છે. અંદર એલાઇન કરેલા અરીસાઓની સપાટી જો વાળના વ્યાસના ૨૦૦૦ મા ભાગ જેટલી પણ મચકોડાય તો ઉપગ્રહ ફાંગુ જોઇ શકે.

આવી અનેક વિટંબણા વચ્ચે ઉપગ્રહ વજનમા હલકો હોવો જરુરી, કેમકે એક કીલો ઉપર મોકલવાનો ચાર્જ ૩ થી ૧૫ લાખ રુપિયા હોય છે.

આ બધી વિરોધાભાસી રચના સાંગોપાંગ ચાલેને ઉપગ્રહના વપરાશકારો સંતોષાય તે માટે શિસ્તબદ્ધ રીતે નિર્માણ, ઉત્પાદન અને ખાસ તો પરીક્ષણ કે જે લોન્ચ અને ઓર્બીટના વાતાવરણના અનુકરણમાંથી પસાર થાય, તેની ચોક્કસ વ્યવસ્થા હોય છે. જમીન ઉપર મળતી નિષ્ફળતાને બરાબર સમજવી પડે છે. મુખ્યત્વે design અથવા workmanship એટલે કે સંરચના અથવા કારીગરી, બે માંથી એકનો વાંક હોય છે.

બરછીના અંકમાં, કલમ ચલાવતી વખતે કડછીની ભાષામાં વાત કરીએ તો વાનગી કોઇ બેસ્વાદ થઇ જાય તો કાં તો રેસીપી એટલે કે design જ ખોટી હોય અથવા કારીગરી સ્વરુપે વઘાર આકરો થઇ ગયો હોય કે રાઇ વધુ પડી ગઇ હોય તેવું પણ બને. ઘણીવાર ડિઝાઇન માર્જીન પણ વજનના ભોગે વધારવા પડે છે. જેમ કે એકવાર છ મહેમાનમાં ૨ કીલો બટેટા ઓછા પડ્યા હોય તો બીજીવાર ત્રણ લાવવા પડે. એને lessons learnt by improving margin અમે કહેતા હોઇએ છીએ. ચંદ્રયાન 3 મા આ વસ્તુની મિડીયાએ સારી છણાવટ કરી છે.

આપણે ઉપરછલ્લાં ઊંડાણ તો જોયાં પણ ધનોપાર્જનના ખેડાણ પણ સમજીએ.

ઇસરો અનેક પ્રકારના સાઇન્ટીફીક, કોમ્યુનિકેશન, રિમોટ સેન્સીંગ, નેવીગેશન, ઓશનોગ્રાફી, મૌસમ સંબંધિત ઉપગ્રહો માટે જવાબદાર છે અને ઉપલબ્ધ બજેટ સાથે દેશને કમાણી કરાવતુ રહ્યું છે. આ વરસે જૂનમાં બીપારજોય વાવાઝોડામાં બિલ્કુલ જાનહાની નહોતી. સરકારી તંત્ર તો કાર્યદક્ષ રહ્યું પણ તેની પાછળ આપણો Insat 3D ઉપગ્રહ પણ દર પંદર મિનિટે વોચફૂલ હતો.

ગુજરાતના જાણીતા કથાકાર ઘણી વાર કહે છે કે પામવા માટેના ચાર તબક્કા છે. પુરુષાર્થ, પ્રાર્થના, પ્રતીક્ષા અને પ્રાકટ્ય. અંતરીક્ષમાં સફળતા માટે બીજા બે છે, પરફેક્શન અને પ્રિસીશન.

આ લખાણના મુખ્ય ઉદ્દેશ ઉપર આવીએ. આપણી જ્ઞાતીમાં અંતરીક્ષમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓએ જાણવું જરુરી છે કે ઇસરોએ તો હવે કમાણી માટે પણ યુવાનોને આ ક્ષેત્રે ઘણી તકો ઉભી કરી છે. આ વિષયની જટીલતા સમજવા અમદાવાદમાં કાયમી ધોરણે પ્રદર્શન પણ રાખેલ છે. આવનારા સમયમાં space based ecosystem નું ચલણ ખાસ્સું વધી જશે.

## ઉગમણી દિશા

હરણી નજરે દોડી
રહ્યા છે આ ચરણો
ઉગમણી દિશા તરફ
હું ચાલુ ત્યાં
શરૂ થાય છે મારી સફર
ઉગમણી દિશા તરફ
જ્યારે જીવનની
દિશા બદલાય છે
ઉગમણી દિશા તરફ
અપેક્ષાની મેં
કેટલીય કેડી કંડારી
ઉગમણી દિશા તરફ
માનસ આંખો માં
આખુંય વિશ્વ સમાયું
ઉગમણી દિશા તરફ
મારી કલમ ને કાગળ
ચાલતા રહે
ઉગમણી દિશા તરફ
જેમ શૈશવ નાં પેલે પાર
યૌવન ઊભું
ઉગમણી દિશા તરફ

કિન્નરી એમ. દવે (ટીનું)
બી.એ., બી.એડ., અમદાવાદ.



હરખની હેલી......પહોંચ્યા સુદામા મળવા સખાને,
અંતરમાં એના હરખની હેલી

મળવા મિત્રને ભુલ્યા ભાન
કૃષ્ણ આંગણે આજ હરખની હેલી


હતો ક્ષોભ શું કહેશે મિત્ર,
વિચારમાં હતી પાંપણ ઝુકેલી


કરવાને સ્વાગત સખાનું,
પટરાણીઓ બની ગઈ ઘેલી

ચાખવાને તાંદુલ બન્યા અધીરા,
હોય ભલે પોટલી મેલી

વહી રહી છે આજ અશ્રુની ધાર,
દ્વારિકા થઈ છે આજ હર્ષઘેલી...

મેઘા ધોળકિયા–વડોદરા





### મનનો ઓરડો

કેટલી ભીંજવશો ઝળઝળિયાથી પાંપણને,
કેટલી ગુમાવશો ક્ષણો પોષી આ સંતાપને,
જે નથી સાથે તમારી, ચિંતા એમની છોડીને,
વધી જાઓ આગળ, નિજ આનંદને ગળે લગાડીને.

વાંધા વચકાં તો કરતાં જ રહેશે એ લોકો,
તમને એકલાં પાડતાં જ રહેશે એ જ લોકો.
દોરી આંગળીમાં વારેવારે પાડે જો ચીરો,
શું કામે ને પકડી રાખવી છે, બસ છોડી દો.

નથી હોતું બધાંનું માનસિક સ્તર એક સરખું,
તમને જે લાગે સાચું એ બીજાને લાગતું હોય ખોટું,
કેટલાં મોરચે લડશો સત્ય સાબિત કરવા તમારું,
રહો મસ્તીમાં, સારું મળ્યું એ આપણું, બાકી પારકું.

તમે એકલાં પડો છો માત્ર તમારે જ કારણે,
બીજાં તો ઘણાં તૈયાર છે સાથે ચાલવાને,
નજીકમાં જ હોય પણ દેખાતાં નથી એ તમને,
થોડાં આગળ ચાલશો તો વાટ જોતાં દેખાશે એ તમને.

મારાં મનનો ઓરડો તો મારો જ રહેવાનો,
એમાં શું લઇ આવવું, એ નિર્ણય પણ મારો જ રહેવાનો,
તો પછી ચાલ ને ભરી દઈએ એમાં "શ્વાસ"ભર્યાં સુંદર વિચારો,
એક જ જીંદગી, ક્યાં સમય છે, ખાલી ખોટાં ધુમાડાં ભરવાનો...!!

મુકુર માંકડ–North Carolina USA

## મૂકી જો

અભિમાન તારું પડતું મૂકી જો,
પલ્લું બીજાનું તું નમતું મૂકી જો.

નિરાશા મળે ને, વળી દુ:ખ લાગે,
જરા ગીત કોઇ ગમતું મૂકી જો.

ભૂલીને નકામું, કુમળા આ મનને,
ખુલા આસમાને રમતું મૂકી જો.

છતાં એમ લાગે કે મજા નથી કંઇ,
શૈશવના સાગરમાં તરતું મૂકી જો.

જરૂરી નથી કાંઇ સર્વસ્વ પામો,
અતિરેક ઇચ્છાનું પડતું મૂકી જો.

-કિલ્લોલ અંશુમાન બુચ.
નાયબ ઇજનેર-GSECL - વણાકબોરી
મો. ૯૭૧૨૨૦૦૮૪૩

## દિવાળી હાઈકુ

દિવાળી પર્વ
શાહુકાર નિખરે
દીન નીરખે

બ્હાર આતશ
ભીતર તમસ, શું
આ જ દિવાળી?

- નિશીથ બક્ષી "નિજાનંદ"
વડોદરા (નિવૃત્ત બેંકર–જ્ઞાતિ સેવક)
મો. – ૯૩૨૭૨૨૬૫૪૫

## કલમ કડછી બરછીના, આ દિપોત્સવી અંકના ટાઇટલ અંગે :

અમારા સહૃદયી, શુભેચ્છક-મિત્ર વિરલ વૈશ્નવે આ અગાઉ પણ 'કલમ કડછી બરછી'નો નવો લોગો તેમજ બરછીનાં ટાઇટલની ડિઝાઇન તૈયાર કરી આપી હતી. ફરી એક વાર, તેઓએ બરછીના આ અંકનાં ટાઇટલની ડિઝાઇન પરંપરાગત ચિત્રોને બદલે, કન્સેપ્ટ બેઝ્ડ; નવતર રંગરૂપમાં સર્જી છે. સાહિત્ય અને કલા; (લિટરેચર અને ડિઝાઇન) બંને કલાને હસ્તગત કરી હોય તેવા, વિરલ વ્યક્તિત્વ ધરાવતા વિરલ વૈશ્નવ હાલમાં પુસ્તકોનાં લેખનમાં વ્યસ્ત છે અને રાજકોટ, સૂરત, અમદાવાદનાં પબ્લિશિંગ હાઉસ સાથે સંકળાયેલા છે. અંદાજે પચાસથી વધુ પુસ્તકો લખી ચૂકેલા વિરલ વૈશ્નવે નવલકથાઓ પણ લખી છે. જેને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પણ સ્વીકૃતિ મળી છે. પોતાનાં દરેક પુસ્તકોનાં ટાઇટલ ડિઝાઇન પણ વિરલભાઈ જાતે જ ક્રિએટ કરે છે. તેમની ડિઝાઇનિંગ ક્ષમતાનો પરિચય આપણા આ અંકનું ટાઇટલ જોઇને મેળવી શકાય.

તેમના શબ્દોમાં; ઇષ્ટદેવ શંકરભગવાન (હાટકેશ)નાં મસ્તક પર શોભાયમાન ચન્દ્ર, તો ત્રિશુળ એટલે શંકરભગવાનનું પ્રતીક. તાજેતરમાં ભારતે મેળવેલી ચન્દ્રયાનની સફળતાને પ્રતીકાત્મક દૃષ્ટિએ રજૂ કરતાં, ચન્દ્રયાનને ચન્દ્ર તરફ પ્રયાણ કરતાં ઇલેશ્ટ્રેશનના માધ્યમથી ચન્દ્રયાનની સફળતાને ભગવાન શંકરના આશીર્વાદ અને ત્રિશુળની શક્તિથી સંભવિત બન્યું, તેમ દર્શાવવામાં આવ્યું છે.

ટાઇટલ ડિઝાઇન-કન્સેપ્ટ પસંદ પડે તો, લેખન કે કલાનો લાભ લેવો હોય તો, તેમના મોબાઇલ નંબર – ૯૯૦૯૯૦૪૬૬૪ પર સંપર્ક કરી શકો છો.

**ABM TRAVELS**

**Discover your choice of destination in 2023,** we will make customized tour plan as per your requirement with choice of selected hotels/ resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

*Shimla Manali *Dalhousie *Dharamshala *Amritsar *VaishnoDevi*Ladakh kashmir *Nainital *Corbet *Mussoorie *Darjeeling *Gangtok *Ooty *Coorg*kerala* *Laksha dweep *Andaman *Gauhati *Shilong *Arunachal *Rajasthan *MP *South India *Goa *Nepal *Dubai *Singapore *Thailand *Malaysia*Bali *Maldives *Mauritius *Vietnam *Religious places and many more.

**Avinash Mehta 9820817318**

**abmtravels@gmail.com**

**યોગ પ્રાણ વિદ્યા**

હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- ખભા અને કમરના દુઃખાવા
- મેદસ્વિતા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- સાંધાના દુઃખાવા
- વેરિકોઝ વેઇન
- દમ અથવા અસ્થમા
- ડર અને ફોબિયા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- ઊંઘ ના આવવી
- કિડનીની તકલીફો
- આધાશીશી / માઇગ્રેન
- પેટની તકલીફો
- એલર્જી અને ઈન્ફેક્શન
- હૃદયની તકલીફો
- રીલેશનશીપની તકલીફો

બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરો:

૨૦+ વર્ષના અનુભવી

ધવલ ધોળકિયા
+૯૧-૯૯૦૪૪૦૪૬૪૫

મીના ધોળકિયા
+૯૧-૯૯૨૫૪૬૦૦૪૬

www.ypvmeraki.com
ypvmeraki@gmail.com
+91-9484668989
ypvmeraki
YPV Meraki

# હસ; કાં હસનાર દે! દંપતી પુર્નવિવાહ યાને રીવિઝન મેરેજ

ટાઈટલ જરા વિચિત્ર છે, ખરું ને?
આજની મોટાભાગની વસાહતોની માફક આ લેખનું ટાઈટલ પણ ક્લિયર નથી!
ચાલો સમજીએ.
જરા વિસ્તારથી સમજવું પડશે.
સમાજશાસ્ત્રીઓ અને ભાષાના નિષ્ણાતો કહે છે કે પહેલાં જીવનનો અનુભવ થાય ને પછી તેને વર્ણવવા-સમજાવવા ભાષામાં તેના શબ્દો રચાય. બાળક એમ જ બોલતા શીખીને?
દાખલા તરીકે, પહેલાં દાળ પીવા માટે વાટકાનું પાત્ર બને; અને પછી શબ્દકોશમાં વાટકો, વાટકી, ગંજીયુ, છાલિયું વગેરે શબ્દો પ્રવેશે.
મૂળ વાત કરવી છે... હમણાં પ્રચલિત બની રહેલા એક બનાવની. આ પ્રસંગ /આ ઘટના નવી ને અનોખી તો છે જ, પરંતુ તે ઉપરાંત એટલી નિરાળી ને વિલક્ષણ છે કે આપણા જૂના પારંપરિક શબ્દો તેને બરાબર સમજાવી શકતા નથી. આમ પણ આ બનાવો એટલા ચિત્ર વિચિત્ર અને અસાધારણ-એબનોર્મલ છે કે સાધારણ માનવ બુદ્ધિ- કોમનસેન્સ એને અપનાવી ન શકે!
એ તો અમારી સર્વમંગલ સોસાયટીના નિવાસી સભ્ય શ્રીયુત તનસુખરાય વનમાળીદાસ પાઠક, ઉંમર વર્ષ ૭૨, જો મને ભોલેનાથના શિવાલયમાં મળી ગયા ન હોત, તો આ રમ્ય ભાષાશાસ્ત્રીય ચિંતન લીલાથી બરછીના સુજ્ઞ ગ્રાહકો, મતલબ કે વાચકો, વંચિત જ રહ્યા હોત !
ધનસુખ જરા ઉતાવળમાં અને વધુ તો ઉમંગમાં જણાયા.
મને પગથિયાં ચડતો જોઈ કહે,
એક ખુશખબર આપું?
'જરૂર' મેં (પૂછવા ખાતર) પૂછ્યું, 'નવો બિઝનેસ શરૂ કરો છો?'
'ના રે !, તેમણે સસ્મિત માથું ધુણાવ્યું.
'તો.. કેનેડા ઉપડો છો કે શું? આજે તો દર ચાર માણસે એક-
'ના, ભાઈ ના! આ તો શુભ પ્રસંગ માંડ્યો છે લગ્ન પ્રસંગ ઊજવું છું જલસો! ગોરનું નક્કી કરવા જ આવ્યો છું-
મને તમર આવી ગયાં -
સવિતા કાકી!? મેં કઠોડો ઝાલી લીધો.
તમે સમજ્યા નહીં મિત્ર, મારો વાંસો થાબડી વનમાળીસૂત વદ્યા
: "અમે બંને પતિ પત્ની અમારી પોતાની એકબીજા સાથેની પચાસમી વર્ષ ગાંઠ ફરીવાર ફેરા ફરીને ઊજવી રહ્યા છીએ.'

ઓહ! ફરી આખું ટ્રેજી-કોમિક નાટક વન્સમોર! એ જ જાન- વરયાત્રા- ધૂમધડાકા! એ જ ચોરી 'મંગળ' ફેરા 'કન્યા' પધરાવો, 'સાવધાન'!

ધન્ય જીવનેચ્છા! લોકો થાકતા નથી-

વિચાર તંદ્રામાં મારાથી બોલાઈ ગયું,-

'ધન્યવાદ!'

'આભાર!'

'આપ સૌ સ્નેહીજનોની શુભેચ્છા છે તો વિઘ્નહર્તા દેવ ગણેશ મોટું વિઘ્ન દૂર કરશે.'

તનસુખરાય ઢીલા પડી ગયા.

'વિઘ્ન? આ પ્રસંગ-'

'અરે ભૈ ! આ તો ઘરનું અંદરનું જ-

'દાદા વિફર્યા છે.'

'કહે છે, મારા લગ્નની પંચોતેરમી --

હવે એ ખાટલેથી ઊભા -!'

બોલો !

ભાઈ તનસુખના સુખનું તો જે થવાનું હોય તે થાય. પરમાત્મા સૌને સદ્બુદ્ધિ આપે (તો છે!)

આપણને તો પ્રસંગના વર્ણનમાં રસ છે !

આ જાતનાં લગ્નો હવે પ્રસરવાના. આપણી ખરી સમસ્યા તો એ છે કે, તેને ઓળખવાં આઇડેન્ટીફાય કરવાં કઈ રીતે? એની પરિભાષા શું રાખવી!?

એને લગ્ન તો કઈ રીતે કહેવાં?

શુદ્ધ લગ્ન તો તે જ જેમાં બે કુવારાં પરણે,

એટલે 'મેરેજ'ની 'કેટેગરી'માં આ સમારંભ ન આવે.

ત્યારે બીજી બાજુ આ પુનર્લગ્ન - રીમેરેજ પણ ન જ કહેવાય.

પુનર્લગ્નમાં તો એક કે બંને પાત્રો પાર્ટીસિપન્સ ફરી પરણે છે, જુદા ઠેકાણે! તે જ 'પુનર્લગ્ન'ના લેબલને પાત્ર ગણાય.

હવે 'ટાઈટલ ક્લિયર' થયું ને મિત્રો?

અહીં તો આખું ને આખું દંપતી જ ફરી પરણે છે, તે ય તે એકબીજાને!

એટલે નામકરણ થયું દંપતી પુનર્વિવાહ! ઓ-ળી, ઝોળી!

ઈંગ્લીશ ડીક્ષનરીને ગુજરાતની શબ્દ-ભેટ : 'કપલ-રીમેરેજ' + કપલ, 'રીવિઝન મેરેજ'

પાઠ કાચો છે; રીવિઝન કરો

## દિવાળી કે દેવાળું ??

- ફાલ્ગુની વસાવડા - ભાવનગર. મો. ૯૦૧૬૨૩૩૭૧૨

દરેકના ઘરમાં દિવાળી ને લીધે ખૂબ ઉત્સાહ હતો પણ અમારે ત્યાં જરાક વિશેષ હોય એવું મને લાગતું હતું. હું એટલે મોના મનિષ મહેતા આમ ડબલ ગ્રેજ્યુએટ પણ અત્યારે હાઉસ વાઈફ કે હોમ મેકર ! નામ ગમે તે આપો પણ પગાર વગરની નોકરિયાત! અમારા ઘરમાં છેલ્લા એક અઠવાડિયાથી દિવાળીનું સતત શોપિંગ ચાલતું હતું, તેથી મોના આજે અત્યારે હિસાબ કરવા બેઠી હતી. ઓનલાઇન અને ઓફલાઇન પુષ્કળ શોપિંગ કર્યું હતું. દિવાળીનાં નામે દરેક જણા એ પોતાના અંગત કપડાંથી માંડીને બધી જ વસ્તુઓ નવી નવી લીધી, અને ઘરમાં પણ ગ્રોસરીથી માંડીને નાનું-મોટું કેટલુંય રાચરચીલું ખરીદ્યું, બાથરૂમની ડોલ ડબલા બેસવાના પાટલા, નેપકીન, ટુવાલ, બેડશીટ, ઉપરાંત તોરણ ટોડલીયા અને ફ્લાવર પોટ પણ ખરા. મોના વિચારતી હતી કે આ દિવાળીના તહેવારમાં આટલી ખરીદીનું ખરેખર માહત્મ્ય શું હશે? તેને તે પોતે નાની હતી ત્યારની મમ્મીની વાતો યાદ આવી! મમ્મી કહેતી કે દિવાળીમાં ઘર સાફ સુથરુ અને ચોખ્ખું રાખીએ તો લક્ષ્મી આવે! આંગણાથી માંડીને ઘરનો ખૂણેખૂણો ચોખ્ખો હોવો જોઈએ, અળસ બધી જ કાઢી નાખવાની, અને જરુર હોય તે બધું નવું લેવાનું. બિલકુલ દેખાદેખી નહીં કરવાની, અને મારું-તારું કર્યા વગર બધાએ સંપીને હર્ષ ઉલ્લાસથી ઉજવવાનો તહેવાર એટલે દિવાળી, અને આવું બધું કરીએ તો લક્ષ્મી આવે એમ મમ્મી કહેતી. આમ તો રાવણનો વધ કરી સીતાજીને પાછાં લઈને રામજી અયોધ્યા પાછા ફર્યા એ દિવસ આસો વદ અમાસનો હતો, પણ હવે આવતીકાલનો ભરોસો થાય એમ નહોતો એટલે શ્રી રામનો રાજ્યાભિષેક ત્યારે જ કરવામાં આવેલ, અને અમાસ હોવાથી આખાં અયોધ્યામાં અયોધ્યાવાસીઓએ દીવા મુકી રામજીના પરત આવ્યાની અને એમના રાજ્યાભિષેકની ખુશી વ્યક્ત કરી હતી. આપણે પણ એવું રામરાજ્ય સ્થપાય તેમજ હિન્દુ સનાતન સંસ્કૃતિની ધજા ગણાતા શ્રી રામ જેવું ચરિત્ર બનાવવા માટે આ તહેવાર બિલકુલ એ જ રીતે ઉજવીએ છીએ. એટલે કે સવારમાં નાહી ધોઈને ભગવાનને પ્રણામ કે પ્રાર્થના કરી ઘરના મોટેરા ને પગે લાગવું, આંગણામાં સવારે રંગોળી કરવાની, વહેલાં અંધારું હોય ત્યારે દીવા મુકવાના, સંધ્યા સમયે પણ દીવા કરવાનાં, એ બધું જ આમ તો દિવાળીનું માહત્મ્ય છે. સગા - સંબંધીઓ ઘરે આવે એટલે ઉષ્માભેર સ્વાગત કરવું, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક નાસ્તા કરાવવાં, તેમજ રાત્રે ફટાકડા ફોડવાના. હવામાં શરદ ઋતુને કારણે અસંખ્ય નાના નાના જીવાણુ હોય, તે દારુખાનુ ફોડવાથી મરી જાયને વાતાવરણ શુદ્ધ થાય. આમ રામ રાજ્ય એટલે કે સત્યના વિજય અથવા તો ધર્મનો વિજય થયો એમ વિચારીને, અતિ હર્ષ ઉલ્લાસથી દિવાળીનો તહેવાર ઉજવે છે.લંકાના રાજા રાવણને હરાવવું એ કોઈ સહેલું કામ તો છે નહીં, એટલે એ રીતે પણ અસત્ય પર સત્યનો વિજય થાય છે, એટલે એ પણ આનંદ ઉત્સવની વાત છે, આવું બધું તો કેટલુંય મમ્મીનું કીધું મગજમાં પડ્યું

હતું,પણ આ આજકાલની પેઢીને તો તહેવાર એટલે બસ એક જાતની ફેશન પરેડ, ને ફોટો સેશનનો પ્રોગ્રામ.

મગજ પણ આવી બધી વાતથી કેટલું બધું ટેવાઈ ગયું હતું, એક સાથે બે કામ ચાલતા હતા. મન વિચારોથી અતીત સુધી આંટો મારી આવ્યું, અને એ જ મગજની બીજી પ્રક્રિયા એટલે હિસાબ પણ ચાલુ હતો. આર્યાના કપડા અને અન્ય એસેસરીઝનો ખર્ચ આશરે ૨૦૦૦૦ રૂપિયા ઉપર ન હતો તો આરવનો કપડાં બૂટ વગેરેનો ખર્ચ તો ૩૦૦૦૦ રૂપિયા,અધધધધ બાપરે અડધો લાખ રૂપિયા તો આમ જ થઈ ગયા. હજી આ બધી ખરીદી અંદર ઉમેરાશે એટલે પાક્કી ખબર પડશે, પણ અંદાજ લગાવી શકાય, કે આશરે બે લાખ ઉપરનો ખર્ચ થયો છે, કારણ કે હજી અમારા કપડાં, નાનું-મોટું ફર્નિચર તથા અન્ય રાચરચીલું પણ ખરું. ઓહ દિવાળી ને નામે કેટલો બધો ખર્ચ થઈ ગયો!! દિવાળી એ તો નાના માણસની વાર્ષિક આવક જેટલો ખર્ચ કરાવ્યો,બધા છતના ચાળા છે,અછત વાળા ને બિચારાને દિવાળી શું ને હોળી શું!! એમ મનોમન બોલી. શું ખરેખર દિવાળી ને દિવસે આ બધું કરવાથી લક્ષ્મી આવે? કે આજે જે રીતે લોકો જીવી રહ્યા છે તે જોતાં તો...આખું વર્ષ મહેનત કરી ને કમાઈ થઈ હોય તે માત્ર ગણતરીના દિવસોમાં જતી રહે તો લક્ષ્મી આવે કે જાય ?? એટલે કે દિવાળી કે દેવાળું? બહુ મનોમંથન કર્યું, પણ અંતે કંઈ જ હાથ લાગે એમ હતું નહીં. રાત્રે ડરતા ડરતા મનીષને ખર્ચની વાત કરી,તેને હતું હંમેશાની જેમ હમણાં ખિજાશે! પણ એવું કંઈ ખાસ થયું નહીં.નાની નાની બાબતોમાં હિસાબ રાખનારા મનિષ ચૂપ કેમ છે એ મને સમજાયું નહીં? થોડીવાર પછી બોલ્યા!આ દિવાળી એ લક્ષ્મી આવે તો સારું!! હમણા બહુ હાથ ભીંસમાં રહે છે, ધંધામાં પણ મંદી છે. સુકેતુને બહાર ભણવા મોકલવાનો છે,ને આર્યા પણ મોટી થતી જાય છે, એટલે એના હાયર સેકન્ડરી સ્કૂલ વિશે વિચારવું પડશે! આ બધું કેમ મેનેજ થશે! હું વિચારતી હતી કે આવક અનિશ્ચિત છે, તો જાવક પર પ્રતિબંધ વિશે લોકો કેમ વિચારતા નહીં હોય!!! સાલું આ ગજબ લક્ષ્મી આવશે આવશે એવી અધંશ્રદ્ધા રાખી ને દિવાળી ઊજવવાની.

મિત્રો, દિવાળી એ ખરેખર ખુશાલીનો તહેવાર છે, અને તેને ઉજવવી જ જોઈએ. પરંતુ હંમેશા એ વાત યાદ રાખવી કે આવો આનંદ છે એ ક્ષણિક છે. આપણો સાચા આનંદ તો સાથ સહકાર, સ્વચ્છતા, સાદગી અને સંપમાં સમાયેલો છે બધું જ આપણી હેસિયત મુજબ કરવું, તહેવાર ઉજવવામાં દેખાદેખી કે દંભનો પ્રવેશ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું. કોઈનો મહેલ જોઈ આપણું ઝૂંપડું સળગાવાય નહીં. કપડા સાફ સુથરા અને સારા હોય એ મહત્વનું છે, ફટાકડા આપણે ફોડીએ, કે કોઈ અન્ય ફોડે તેમાં કોઈ જ અંતર હોતું નથી, એટલે આવી બધી નાની નાની બાબતોનું ધ્યાન રાખી, લક્ષ્મી જે આવતી કાલે આવશે કે નહીં! તે વિશે કોઈ નિશ્ચિતતા નથી હોતી, ત્યારે જે હાથમાં છે તેને આવી મામૂલી બાબતમાં દેખાદેખી કરી ખર્ચી નાખવી, તે યોગ્ય નથી, અને એવું હોય તો આ દિવાળીએ કોઈને બે પાંચ રૂપિયાની મદદ કરીને, સાચા આનંદની કમાણી કરીએ તો લક્ષ્મી જરૂરથી આવશે.

## "દિલ ઢુંઢતા હૈ....ફિર વહી...."

-મનિષા હાથી, ભાવનગર. ૯૪૨૯૩૭૪૭૭૮

વ્યોમેશભાઈ અતિ ઉત્સાહ અને માનસિક શાંતિ સાથે પોતાના દીકરાના ઘર તરફ ડગ માંડી રહ્યા હતા .

ગઈકાલે તો રિટાયરમેન્ટ મળ્યું અને આજે તો બિસ્તરા પોટલા બાંધીને પોતાના શહેર તરફ રવાના થવા અતિ ઉત્સુક હતા .

પોતાનો દીકરો , વહુ , પૌત્ર ,પૌત્રી બધા માટે જાતજાતની ભેટસોગાદો લઈને રાખી હતી . ધર્મપત્ની આરોહી કેન્સરની બીમારીને કારણે અમુક વર્ષો પહેલા જ આ દુનિયાથી વિદાય લઈ ચુકી હતી .

લગ્નના થોડા વર્ષોમાં જ આ બીમારી ડિટેક્ટ થઈ . એ સમય વ્યોમેશભાઈ માટે ઘણો કપરો હતો . નોકરી , પત્નીની બીમારી અને નાના આરવને સંભાળવાનું ......

વ્યોમેશભાઈના માતાપિતા પોતાની જિંદગીમાં મસ્ત હતા .દીકરાની વહુનું બીમારી દરમ્યાન ધ્યાન રાખવું ,આરવને સંભાળવુ ,એ બધાથી દૂર ભાગવા બીજા શહેર તરફ ચાલતી પકડી ...

આરવના ઘડતરની સાથે ભણતર તરફ પણ પૂરું ધ્યાન આપવું પડતું . પુરી જિંદગી આ બધી વ્યસ્તતાને કારણે ગળાડૂબ કામમાં ડૂબેલા જ રહ્યા . છતાં એના ચહેરા પર દુઃખનો રંજ માત્ર ન્હોતો .

આરવની માસ્ટરી પુરી થતા જ એને બીજા શહેરની મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી મળી ગઈ . સ્વાભાવિક છે કે સારો છોકરો અને સારી નોકરી હોય એટલે છોકરીઓની લાઇન લાગે .

સારી છોકરી મળતા જ " ચટ મંગની પટ બ્યાહ "

આરવના લગ્ન પછી એમને પૂર્ણ શાંતિ હતી . આરવની જિંદગીમાં કોઈ સારું પાત્ર ગોઠવાય જાય એટલે બસ...

પરંતુ એમના જીવનમાં જે ખૂટતું હતું , હૃદયમાં એક જગ્યા જે ખાલીપો. પત્નીના સાથ વિનાની અધૂરી જિંદગી ... કેન્સરની બીમારીના કારણે બંનેનો સાથ સાવ ઓછો જ રહ્યો .

હલેસા મારતી જિંદગીની નાવ આખરે રિટાયર્ડ થવાના ઉંબરે આવીને ઉભી રહી ... વ્યોમેશભાઈને તો બસ આ દિવસની જ રાહ હતી.. , પછી ચાલતી પકડી દીકરાના શહેર તરફ ... પોતે અચાનક જ પહોંચવાના હતા . બધાને સરપ્રાઈઝ આપવું હતું .

દરવાજો ખોલતા જ આરવ બોલી ઉઠ્યો ... " પપ્પા તમે ?અચાનક...

દરવખતે તો તમે ફોન કરીને આવો છો અને આજે સરપ્રાઈઝ ??

ઓહોહોહો !!! આટલો બધો સામાન ?"

અરે...અરે...તને નવાઈ લાગીને ? બસ હવે તો મારા પૌત્ર પૌત્રી સાથે રહેવા માટે અહીં જ આવી ગયો છું . મારા રિટાયર્ડ થવાની જાણકારી પણ તમારા લોકોથી છુપાવી . હવે પૂર્ણ શાંતિ...બોલતા બોલતા વ્યોમેશભાઈનું ધ્યાન શૉકેશના કાંચ તરફ ગયું . જેમાંથી આરવની પત્ની દિપાલીના ચહેરા તરફ ધ્યાન ગયું . એ આરવને ઇશારાથી કઈ કહેતી હોય એવું લાગ્યું . હાથ અને આંખના ઇશારાથી થોડું સમજાયું

"હવે અહીં જ રહેશે ?ચહેરા પરનો અણગમો સાફ વર્તાય રહ્યો હતો .

એ પછી થોડીવારમાં તો દાદા અને બાળકો મસ્તીમાં ગુલ થઈ ગયા અને બપોર સુધીનો સમય નીકળી ગયો .

એક પછી એક દિવસ ...ગમા અણગમા સાથે નીકળતા રહ્યા .

એક દિવસ સવારના સમયે દિપાલી રસોડામાં આરવને ધીમી અવાજમાં કહી રહી હતી . " મારી એક વાત સાંભળો ,હું વિચારું છું કે કોઈ નજીકની સ્કૂલમાં નોકરી કરી લઉં ...

"તને એકદમ નોકરીનું કેમ સુજ્યું ?"

"ખાસ કંઈ નહીં પરંતુ પપ્પાજીના ઘરમાં હોવાથી મારી સ્વતંત્રતામાં થોડો ફેર પડી ગયો છે . "

"અરે ...પણ...પપ્પા તો પોતે જ જમાનાની સાથે ચાલે એવા છે . તારી સ્વતંત્રતા પર એ કોઈ જાતની રોકટોક કરે એમ નથી . "

"એવું નથી પણ..."

" ખેર આ ઘરમાં તને દરેક જાતની આઝાદી છે . તારે નોકરી કરવી હોયતો પણ મને કોઈ વાંધો નથી તારી જે ઈચ્છા હોય એમ કરજે "

વ્યોમેશભાઈના કાનમાં શબ્દો પડતા જ બે મિનિટ માટે મનને થોડો ધક્કો લાગ્યો . પરંતુ પોતાના મનને મનાવતા એમણે એ દિવસથી સવારનો સમય બહાર પસાર કરવાનું નક્કી કરી લીધું .

આરવને ઑફિસે જવાની થોડીવાર હતી એ સમયે સોફા પર છાપું વાંચતા વાંચતા વ્યોમેશભાઈ બોલ્યા.

" દીકરા મારા સૌથી જુના મિત્રનો ફોન હતો . મારી ઉંમરના લોકો રોજ સવારના સમયે આપણા ઘરની નજીકના બગીચામાં ભેગા થાય છે . રોજ રિટાયર્ડ લોકોની મહેફિલ જામે છે. તો મને પણ એમણે બોલાવ્યો છે . બાળકો સ્કૂલથી આવે એ પહેલાં આવી જઈશ . આ તો શું છે કે મને પણ કંપની મળી જશે .

"ઓહોહોહો ... તો તો ઘણું સારું પપ્પા તમારો સમય પણ પસાર થઈ જશે . પછી દીપાલીના ચહેરા સામે જોતા બોલ્યો " તારું શુ કહેવું છે દીપાલી ?"

"એકદમ બરોબર નિર્ણય લીધો છે પપ્પાજી "

વ્યોમેશભાઈ બરોબર નવના ટકોરે તૈયાર થઈને ઉપડી ગયા .

એમની ડ્રેસિંગ સેન્સ અને એમના દેખાવ પરથી લાગતું જ ન્હોતું વ્યોમેશભાઈ રિટાયર્ડ થઈ ગયા છે .....એમની પર્સનાલિટી હજુ પણ શાનદાર હતી .

પિતાના નીકળ્યા બાદ આરવ ઑફિસે જવા નીકળ્યો જતા જતા દીપાલીને ટીખળ કરતો ગયો . " લ્યો મેડમ તમારી સ્વતંત્રતાની પ્રોબ્લેમ સોલ્વ થઈ ગઈ ને ?"

ઓફીસ જતા રસ્તામાં જ એ બગીચો આવતો હતો . બગીચામાં એક ઘટાદાર વૃક્ષની નીચે રહેલા બાંકડા પર પિતાજીને બેઠેલા જોયા . પરંતુ એકલા .... એનો મતલબ પપ્પા ખોટું બોલ્યા હશે ? કે પછી હજુ લોકો આવવાના બાકી હશે ...!!! ,

મનમાં વિચાર્યું બે મિનિટ પૂછતો આવું ? પરંતુ દીપાલીના સવારના શબ્દો ફરી એના કા'ને અથડાયા . ખેર ..., પપ્પા હંમેશા પોતાની જિંદગી સાથે સમજોતો કરતા જ આવ્યા છે... આ એક વધારે...' કદાચ અમારો સવારનો વાર્તાલાપ સાંભળી ગયા હશે ?....'

નાનપણથી પિતાની આદતોને જાણતો હતો . દરેક સંબંધોમાં સમતોલપણું રહે એવો જ વ્યવહાર કરતા . એમણે પણ જોઈ વિચારીને જ કોઈ નિર્ણય લીધો હશે ..

વ્યોમેશભાઈની બગીચાના એ બાંકડાની મુલાકાત ખરેખર રંગ લાવી . જીવનસંધ્યાએ પહોંચેલા ઘણા લોકો બાંકડે આવીને બેઠા હતા .હાસ્યના ફુવારા સાથે એ ગ્રુપ ખરેખર ઘણો આનંદ લઈ રહ્યા હતા . અને આજથી વ્યોમેશભાઈ પણ એમાં જોડાય ગયા . એમના મનની અંદર આનંદ આનંદ છવાય ગયો પહેલા જ દિવસે ખૂબ મજા આવી . એ પછી તો રોજનું...અને એ પણ બંને ટાઈમ સવાર-સાંજ ...

એકલી પડેલી વ્યક્તિઓમાં જો સમજદારી હોયતો કોઈ રસ્તો શોધી જ લેછે .

રોજ ડૂબતા સૂરજની ખીલેલી સંધ્યાએ પોતાના જીવનની નમતી સંધ્યા પર ખીલી રહેલી ઉંમર ... જાણે જુવાનીએ ફરી જન્મ લીધો હોય એવું લાગતું હતું .

ભાઈઓની જેમ બીજા બાંકડાઓ પર બહેનોનું ટોળું પણ આ જ રીતે ઠઠ્ઠા મશ્કરી કરી હાસ્યની છોળો ફેલાવતી . એ ગ્રુપમાંથી એક હતા સરિતાબેન જે પોતાની સૂરીલી અવાજના સુર રેલાવી રહ્યા હતા . " દિલ ઢૂંઢતા હૈ...ફિર વહી

ભાઈઓના ગ્રૂપમાં બેઠેલા વ્યોમેશભાઈનું ધ્યાન તુરંત એ તરફ દોરાયું ... મારુ અને મારી પત્નીનું ખાસ પ્રિય ગીત હતું . એમની નજર હજુ પણ ત્યાં જ હતી . બરોબર એ જ સમયે સરિતાબેનની નજર પણ એમની પર

પડી...આંખોમાં એકદમ શરમ લાગતા નજર જુકાવી લીધી અને પોતાનો અવાજ ધીમો કરી નાખ્યો .

થોડી થોડીવારે બંને તરફથી આંખોની અલપઝલપ ચાલતી રહી. કોઈનો મીઠો સુર કોઈના આકર્ષણનું કારણ બની ગયો...

સવાર સાંજ રોજનો નિત્યક્રમ બેઠકનો અને બેઠકની સાથે સંતાકૂકડી રમતી ચાર આંખો...

વ્યોમેશભાઈ પોતાની જાત સાથે સમજોતો ન કરી શક્યા . એમ પણ એમની જિંદગીમાં પ્રેમનો ખૂણો અધુરો હતો .રાત ઘણી લાંબી લાગતી.સવાર પડવાની રાહ કાગડોળે જોવાતી.ખરેખર જોવા જાવ તો જીવનસંધ્યાએ પહોંચેલા વ્યોમેશભાઈની રોજ સાંજની સંધ્યા સાચા અર્થમાં ખીલવા લાગી હતી . શરીરની ઉંમર ભલે થઈ હતી પરંતુ એમનું હૃદય કોરુંકટ હતું .ધીરેધીરે એમના હૃદયના સિંહાસન પર કોઈ બિરાજમાન થઈ રહ્યું હતું .

બંને પક્ષે મોબાઈલ નંબર લીધા.મેસેજ દ્વારા પ્રેમની ગાથાના શ્રી ગણેશ થયા . એમનું નામ સરિતા હતું . સરિતાના નામે કાવ્યો અને ગઝલો લખવા લાગ્યા....

પુરી જિંદગી અથાગ પરિશ્રમ અને લોકોની લાગણીઓને સાચવી હોય એ વ્યક્તિ કેટલાય તાપમાં તપ્યો હશે . હવે જીવનસંધ્યાએ કોઈની શીતળ છાયામાં બેસીને બસ પ્રેમમાં વિશ્રામ લેવો હતો ...પરંતુ... જીવનસંધ્યાએ આવો વિશ્રામ માણસને સમાજની સામે સાવધાન કરી નાખે છે . આખરે તો સમાજમાં બેઠા હતા, પોતાના દીકરા વહુની સામે , સમાજની સામે એમની આબરૂના કાંકરા થઈ જશે . આજ સુધી કમાયેલી ઈજ્જત એક પળમાં ચપટી વગાડતા ખલાસ થઈ જશે .

વ્યોમેશભાઈ પોતાના મનમાં ખીલેલી પ્રેમની કૂંપળોને ફરી અંદરને અંદર દફનાવી દેવાનો પ્રયત્ન કરવા લાગ્યા . પોતાની જાતને રોજ સજા આપતા રહ્યા . એમની અંદર એક નાનકડો ભય પેદા થઈ ગયો . રાતે નીંદરમાં પણ એકદમ જબકીને જાગી જતા. પ્રેમ થઈ ગયો જાણે મોટો અપરાધ કર્યો હોય એવું લાગવા માંડ્યું .મંદિરમાં જઈને ઈશ્વર સામે હાથ જોડી મનથી માફી માગવા લાગ્યા .

" પ્રભુ હું ઘણે ખોટે માર્ગે દોરાય ગયો છું , કદાચ માફીને લાયક પણ નથી . ધીરેધીરે બગીચામાં જવાનું ટાળતા રહ્યા . મોબાઈલ પણ દિવસમાં એક જ વખત હાથમાં લેતા . સરિતાબેનને જવાબ આપવાનું ટાળતા ...

જીવનમાં ગમતું હોય છે જે છૂટતું જાય છે. કદાચ એનું જ નામ જીવન હશે ને ???.... પોતાના મનને નાના બાળકની જેમ ફોસલાવતા રહ્યા...

આરવ પોતાની આંખોથી પિતાના ચહેરાને સાફ સાફ વાંચી શકતો હતો . કોઈ વાત તો છે એવી જે પપ્પા મારાથી છુપાવે છે . બંને બાળકો તો દાદાના પ્રેમનો બેસુમાર આનંદ લઈ રહ્યા હતા . સવાલ હતો તો દીપાલીનો... એણે કંઈ કહ્યું હશે ? .....

વિચારોમાં ખોવાયેલ પતિને જગાડતા દિપાલી બોલી."હું શું કહું છું સાંભળો ?"
પોતાનો કાન પકડી આગળ કરતા બોલ્યો ... " બોલો મેડમ ,હાજર છું "
" કાલે પપ્પાજીનો જન્મદિવસ છે તો હું વિચારું છું આપણે એમને સરપ્રાઈઝ પાર્ટી આપીએ."
" પાર્ટી મતલબ ,બહાર જમવા જવાનો વિચાર લાગે છે ? "
" તમારા તરફથી બસ હા અથવા ના નો જવાબ જોઈએ . બાકી બધું હું એરેન્જ કરી લઈશ . "
" તમારો હુકમ સર આંખો પર મેડમ ,મને તો તમે કહેશો ત્યારે હાજર થઈ જઈશ ."
" ઓકે ,ડન "

બીજા દિવસે સાંજે બંને બાળકો દાદાજી આગળ આવીને કાનમાં ધીમી અવાજમાં બોલવા લાગ્યા . "દાદાજી અમને પિત્ઝા ખાવાનું બહુ મન થયું છે . પણ મમ્મી માનતી જ નથી . તમે અમને આંટો મરાવાના બહાને લઈ જાવ અને પિત્ઝા ખવડાવી દેશો ?.

વ્યોમેશભાઈ વિચારવા લાગ્યા એમ તો આજે મારો જન્મદિવસ છે . એટલે સારો ચાન્સ છે . બંનેને એમના મનગમતા પિત્ઝા ખવડાવી જ દઉં ... મારો જન્મદિવસ છે એ જાહેર નથી કરવું ,નાહક આરવ અને દિપાલીનું રૂટિન ગડબડ થાય . એમ તો આરવ અને દિપાલી મારી કોઈ બાબતમાં રકઝક નથી કરતા .

વિચારોની અફરાતફરીને અંતે બાળકોની સાથે નક્કી કર્યું કે મમ્મી પપ્પાને કહેશું કે "હું બાળકોને થોડીવાર બગીચે ફરવા લઈ જાવ છું " .

સાંજ પડતા જ બાળકો તૈયાર થઈ ગયા . અને દાદાને ધીરેથી કહેતા બોલ્યા ..." દાદા પિત્ઝા ખાવા સારા સારા લોકો આવતા હોય છે એટલે તમે કપડાં એકદમ મસ્ત પહેરજો . ...ખેર... ,એમ તો આપણા દાદા હજુ પણ હીરો જેવા જ દેખાય છે ."

વ્યોમેશભાઈ ને ક્યાં ખબર હતી કે બાળકો જ એમને ખોટું બોલી રહ્યા હતા . સાંજના સમયે દાદાને હોટેલ સુધી લઈને આવવાનું દીપાલીએ બાળકોને સોંપ્યું હતું .

વ્યોમેશભાઈ બાળકોની સાથે રેસ્ટોરેન્ટ સુધી પહોંચી ગયા . પગથિયાં ચડતા ચડતા દાદા પૂછવા લાગ્યા " અહીં પિત્ઝા મળશે ?"
" હા...દાદા અહીં બધુ જ મળે છે . આપણી પસંદનું જે પણ ખાવું હોય એ ...."
" તમે શું ખાશો દાદા ?"

" કંઈ નહીં મારા દીકરા પણ તમે લોકો પેટમાં થોડી જગ્યા રાખજો નહીતો મમ્મીને ખબર પડી જશે કે નક્કી બહાર કૈક દાબીને આવ્યા છે "

આ વાર્તાલાપમાં રેસ્ટોરેન્ટના એક મોટા હોલ સુધી પહોંચી ગયા . વ્યોમેશભાઈના બંને આંગળીએ બંને બાળકો અને હોલમાં પ્રવેશતા જ

"હેપી બ...ડે... ટુ...યુ..." નું ગીત ગુંજી ઉઠ્યું ...."

વ્યોમેશભાઈ તો બાઘા બની જોઈ રહ્યા . પૂરો હોલ ફુગ્ગા , રંગબેરંગી લાઈટોથી સજેલો હતો . અત્તરો અને પરફ્યુમની સુગંધથી પૂરૂ વાતાવરણ સુગંધિત બની ગયું હતું . વ્યોમેશભાઈ આંખોમાં આવેલા આંસુના દરિયાને રોકી ન શક્યા ...

બગીચામાં સવાર સાંજ સાથે બેસતા પોતાના મિત્રોનું ટોળું પણ હાજર હતું . આસપડોશના લોકોની હાજરી પણ હતી . ટેબલ પર સરસ મજાનો કેક સજેલો હતો . તાળીઓના અવાજો સાથે કેક કાપવામાં આવી... અને....વ્યોમેશભાઈના કાનમાં ધીમેથી અવાજ આવી .....

"હેપી બર્થડે વ્યોમેશ ....,

અવાજ કાનમાં પડતા જ એમણે પાછળ જોયું....સરિતા....????

અને એની આસપાસ વિટળાયેલું મિત્રોનું ટોળું... આ... બધુ...?"

વ્યોમેશભાઈ હવે તો ખરેખર અચંભીત બની ગયા તા...એમણે આંખોમાં સવાલ સાથે આરવની સામે જોયું ..

આરવ હાથનો ઈશારો કરતા જોરથી બોલ્યો " પપ્પા આ બધા તમારી દિપાલી વહુના કામ છે . દિપાલી આંખોમાં હરખના આંસુ સાથે નજીક આવી ખભા પર માથું નાખતા બોલી ..." પપ્પાજી તમે તમારી જિંદગી અમારી સાથે ખૂબ સરસ રીતે ગોઠવી લીધી . ના ખાવાપીવામાં કચકચ , ના અમારા રહનસહન પર કોઈ રોકટોક , તમને જિંદગીએ જે પણ આપ્યું એ તમે સહર્ષ સ્વીકારી લીધું . આજ સુધી તમે બધુ એડજેસ્ટ જ કર્યું છે . તો હવે તમારી જિંદગીની આ ગિફ્ટ તમારા દીકરા વહુ અને પોત્રી તરફથી નહિ સ્વીકારો ? એમ બોલતા બોલતા સરિતાબેનનો હાથ પકડી પપ્પાજીના હાથમાં સોંપી દીધો .

પૂરો હોલ તાળીઓના નાદથી ગુંજી ઉઠ્યો ...

પોતાની બેટરહાફે કરેલા આ અદભુત કાર્ય માટે આરવને દિપાલી પ્રત્યે માન થઈ ગયું .

પૂરું વાતાવરણ ખુશહાલ નજર આવી રહ્યું હતું . ગરમાગરમ રસોઈની સુગંધે લોકોને સ્વાદથી ભરી દીધું .

બસ...બે વ્યક્તિ એવી હતી જે જીવનસંધ્યાએ આજની સંધ્યાનો લુફ્ત ઉઠાવી રહી હતી . ઉંમર ભલે વધી હતી પરંતુ હૃદયમાં જવાની ઉંબરે આવીને બિરાજમાન થઈ ગઈ હતી .

**अगर देखा जाए तो जिंदगी बस एकदूसरे के साथ एक छोटीसी मुलाकात है ।**
**कौन ?कहाँ ?कब मिल जाए पता ही नही चलता "**

હોલમાં એક સુંદર મજાનું ગીત રણકી ઉઠ્યું–

**" दिल ढूंढता है ,फिर वही फुर्सत के रातदिन...."**

***

## અં..ત..ર...

– રાસવિહારી વૈષ્ણવ,મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)–મો.૬૧ ૪૮૧૩૪૪૯૩૪

તેવીસ તેવીસ વરસથી જે ઘરમાં રહેતા હતા તે ઘર એકજ ઝાટકામાં અણગમતું થઈ ગયું, દિવાલો જુની અને જર્જરિત દેખાતી હતી,એક પેઢી ઉછરીને મોટી થવા તરફ જઈ રહી હતી. જુનો ફોન,ટીવી,સોફા,પડદા,જરૂરિયાત અને અનુકૂળતા મુજબ વસાવેલું રાચરચીલું બધુજ આઉટ ઓફ ડેઈટ હવે નવી પેઢીને લાગતું હતું.ઘરમાં નેટ અને ચોવીસે કલાક વાઈફાઈ ચાલુ જ જોઈએ.અને આમ બહારની દુનિયા સાથે આધુનિકતાનો ઘરમાં સંધિકાળ શરૂ થઈ ગયો હતો.

હવે દાદા-દાદીની વાતો છોકરાઓને હવે કચકચ લાગતી હતી. છોકરાઓને અલગથી સ્ટડીરૂમ બેડરૂમ જોઈતા હતા અને ઘણા વર્ષોથી બા-દાદાને તો અલગરૂમ આપી દેવો જોઈએ એવું સહુ વિચારતાં હતા,બીચારા આખો દિવસ લીવીંગરૂમમાં બેઠાબેઠા બોર થતા હોયને! તો તેમનો પણ અલગરૂમ હોયતો એમની રીતે ગમે તેમ પૂજાપાઠ ભજનકિર્તન અને માળા કરે,હવે તેમના જ ગુંથેલા માળાને જમાનાનો કાટ અને લૂણો લાગેલ એટલે એ માળા માંથી મુક્તિ અપાવવા બંધ મુઠ્ઠીમાં માળા પકડાવવાની વિચારણા ચાલતી હતી અને, શહેરની મધ્યમાં જ આવેલ દાદાનું મકાન વહેચીને ખાસીરકમ આવેલ. થોડી વધુ રકમ ઉમેરી ચારબેડરૂમ, લીવીંગરૂમ દરેક રૂમને ઓપન બાલ્કની તથા એટેચ્ડ લેટ-બાથ અને આજની કહેવાતી તમામ આધુનિક સુવિધાઓથી સજાવી દીધું ,ટીવી પણ ૭૧ સે.મી.નું હટાવી તે બા દાદાના રૂમમાં અલગ ડીશ કનેશન સાથે મુકાવી દીધું, જેથી તેમની મનગમતી સિરીયલ અને કાર્યક્રમો જોઈ શકાય, અને લીવીંગરૂમમાં ૧૫૧ સે.મી.નું મોટું હોમ થીએટર ફેસીલીટી- વાળું ટીવી સેટ થઈ ગયું.

દાદા-દાદીની આંખે આવા મોજશોખ પાછળનો અતિશયખર્ચ માત્ર દેખાદેખી અને એક ફીતુર જ લાગતા હતા.તેમને અંદરખાને આ બધું અકળાવતું હતું. એક સમયે પડછંદ,બુલંદ અવાજ સમય અને સંજોગોની ભીંસમાં માંદી બકરી જેવો થઈ ગયેલ.

પણ બા ધીર ગંભીર જમાનો ખરેખર ખાયને પચાવી પીધેલા, દાદાને હિંમત,સાંત્વના અને ધીરજ આપતા રહેતા, "જુની પેઢીએ દરેક વખતે સહન કરવાનું જ હોય છે,અને આપણને ગમે ના ગમે છોકરા કરતા હોય તે કાર્યમાં તેમનો ઉત્સાહ વધે તેમ પ્રોત્સાહન આપી,બહુ સર,શાબાશ કહેતા પીઠ થાબડતા રહેવાનું,અને તેનું વહાલ આપણી આંખો મિંચાતા સુધી તેના હ્રદયમા આપણા તરફ સ્નેહભાવ જળવાઈ રહે તેવું આયોજન

આપણે કરવાનું છે", આમ માયુસીમાં અને કોઈવાર ઉદાસીનતા સરકી પડતા દાદાને બા સતત સમજાવતા રહેતા હતા.

આજે સવારમાં વહેલી ઊંઘ ઉડી જતા બા તેની પથારીમાં બેઠાબેઠા જુની સ્મૃતિઓ વાગોળતા હતા અને બાની આંખોમાં આંસુ આવી ગયા. ત્યાં પચ્ચીસેક વર્ષની પૌત્રીનો સાદ સંભળાયો:"બા,ચાલો ચા પીવા", સાડીના પાલવથી ધીમેથી આંખોના ખૂણા પોંછી, બા રાબેતા મુજબ મોઢું મલકાતા વહાલથી પૌત્રીના માથા માથે હાથ મૂકી ચાનો કપ હાથમાં લીધો અને કહ્યું:, "બેટા,આજે તું નાસ્તાની ડીશમાં બાને ખાખરો પીરસવાનું તો સાવ ભૂલી જ ગઈ..."

ગઝલ.......

નથી એની ભ્રમણામાં જીવે છે માણસ,
દિવસ રાત સપનામાં જીવે છે માણસ.
લખોટીની માફક સરે ઢાળ જોઈ,
ભળી જઈને ઢગલામાં જીવે છે માણસ.
નથી જોઈ શકતો એ દર્પણમાં ખુદને,
સદા બંધ પડદામાં જીવે છે માણસ.
સરળ સાવ રસ્તો પડેલો છે સામે
'ને પાછળનાં પગલાંમાં જીવે છે માણસ.
પ્રથમ તોડી ફોડી એ ફેંકે છે શબ્દો
પછી એની અફવામાં જીવે છે માણસ.
અહીં ચોતરફ મૌન છાયું છે ઘેઘૂર
છતાં રોજ ચર્ચામાં જીવે છે માણસ.
હશે ક્યાંક અવશેષ એના હજી પણ
હજી ક્યાંક નકશામાં જીવે છે માણસ.

- આશ્લેષ ત્રિવેદી - અમદાવાદ.
મો.નં. 7436006736

જાણે દિવાળી !

મને આવીને મળે છે જાણે દિવાળી !
મને દિવડાઓ કહે છે જાણે દિવાળી !
નિજ મંદિરમાં બેસાડું લક્ષ્મીની છબીને,
દ્વાર પર તોરણ લટકે છે જાણે દિવાળી !
ફૂટે છે ધડકનમાં આગ મહી સંવેદના,
મને આવીને ધડકે છે જાણે દીવાળી !
ગઈ ગુજરી વીતી ,અતિત વળગે જ્યાં,
મને આવીને સરકે છે જા઼ાણે દિવાળી !
કોઈ રંગોળી જેવું હસે,કોઈ રંગો પૂરે,
મને આવીને છલકે છે જાણે દિવાળી !

- ભૂષિત શુક્લ - રાજકોટ.
મો.નં. 9687076056

*Diwali Greetings and Happy New year.*


Dr. Asit Vaishnav Family.

Mina and Asit : Anaesthesiologist Rajkot

Dr. Kesha : Emergency Medicine Physician

and

Dr. Darshil : ENT Surgeon and Laryngologist :

Both fulltime specialists :

BHAILAL AMIN GENERAL HOSPITAL, VADODARA.

## આંખ લાલ કરી...

-નિધિ મહેતા 'ખુશી'અમદાવાદ. મો.૮૭૫૮૯૬૨૩૪૦

રઘલો આજે ખૂબ શાંત દેખાતો હતો.દુકાન પર બેઠેલો પણ ધંધામા જરાય જરાય ધ્યાન ન હતું. તેને ઘણી મથામણ કરી છતાં ચિત ક્યાંય ચોટતું નથી. આમ તો આ રઘલો ખૂબ ખુશમિજાજી પણ આજે કંઈક બીજા જ મૂડમાં હતો. વળી તેનો ધંધો લેડીઝ આઈટમનો એટલે સ્ત્રીઓની જ ચહેલપહેલ તેની દુકાનમાં સતત રહેતી. રઘલો સ્વભાવે ઘણો મળતાવડો એટલે બહેનો સાથે મીઠું બોલી ધંધો કરી જાણતો.

તેની દુકાનમાં એક થી એક ચડિયાતી વસ્તુઓ બહેનોની પસંદગી મુજબ મળી રહે. એટલે દૂર દૂરથી સ્ત્રીઓ આ રઘલાની દુકાને મનગમતી વસ્તુ લેવા આવે. જેમાં બોરીયા, બક્કલ, ચાંદલા ,લાલી ,લિપસ્ટિક અવનવી ફેશનની દરેક વસ્તુ રઘલાની દુકાનમાં હોય જે ક્યાંય જોવા ના મળે એવી ચીજ રઘલા પાસે મળે. એટલે આ સ્ત્રીઓમાં રઘલાની દુકાન ફેવરિટ. હવે તો આ તહેવારોનો મહિનો ચાલી રહ્યો હતો. એક પછી એક તહેવાર આવી રહ્યા હતા .એટલે ખરીદી પૂરજોશમાં જામી હતી રઘલાની દુકાનમાં ઊભા રહેવાની પણ જગ્યા ના હોય એટલી ઘરાકી.

રઘલાને મૂંડી ઊઅચી કરવાનો પણ ટાઈમ ના મળે. અને આટલી બધી ચહેલપહેલ છતાં આ રઘલો આજે સાવ ચુપચુપ લાગતો હતો. રઘલાની મોટી દુકાન નો એક ભાગ આખો રાખડીથી રોકાયેલો હતો. રક્ષાબંધનનો તહેવાર આવી રહ્યો હતો. બજારમાં અવનવી રાખડીઓ આવી ગઈ હતી. બહેનો પોતાના વીરાને રાખડીઓ બાંધવા અવનવી રાખડીઓ લેવા આવતી હતી. આખી બજારથી અલગ રાખડીઓ રઘલાની દુકાનમાં.

પણ આ રઘલો રાખડીના કાઉન્ટરથી છેટો જ રે. ત્યાં બીજા માણસને બેસાડી તે એ સિવાય નો વિભાગ સંભાળે.

માણસ ક્યાંય આઘો પાછો થાય તો પણ બે ઘડીએ રાખડીઓનું કાઉન્ટર સંભાળવા ના જાય. જોકે આ પેલા રઘલાએ ક્યારેય આવું નહોતું કર્યું. દુકાનમાં કામ કરતા માણસોને પણ રઘલાનું આ વર્તન સમજાતું નહોતું. પણ એટલી ઘરાકીમાં રઘલાને કોણ પૂછે? આમ રઘલો દુકાનમાં બોરીયા બક્કલ વેચવામાં મશ્ગુલ અને માણસો રાખડીના વેચાણમાં. અવનવી અલબેલી લાલ ,ગુલાબી રંગબેરંગી રાખડીયો રગલા ની દુકાને સજાવતી હતી.

રઘલો સાવ ગુમસૂમ થઈ માંગનારને ચીજ વસ્તુ બતાવતો હતો. રાખડીના કાઉન્ટર પર એક મહિલા રાખડીઓ પસંદ કરતી હતી. કાઉન્ટર પર બેઠેલા માણસ સાથે ભાવ બાબતે કઈ રકજક કરતી હતી. એ જ સમયે તેની પાસેથી પસાર થતા એક યુવાન તે મહિલાના અંગને અભદ્ર રીતે સ્પર્શવાનો પ્રયાસ કરતો હતો. ત્યાં જ તેના પર રઘલાની નજર પડી ગઈ અને રઘલો દુકાનમાં જામેલી મહિલાઓની ભીડ ને હટાવતો એક જ કુદકે રાખડી કાઉન્ટર

પાસે આવીને તે પુરુષનો હાથ રોકી લીધો. અને સાટટ્ કરીને ત્રણ તમાચા ચોડી દીધા.

અને આંખ લાલ કરી બોલ્યો,

"એ પાપી ,"આ રઘલા ની દુકાન માં આટલા વરસથી આટલી મહિલાઓ આવે છે".

"હરામ છે કદી કોઈની સાથે આવું વર્તન થયું હોય તો"

?અને "આજે તારી આટલી હિંમત કે એક મહિલાને તું ખોટી રીતે સ્પર્શે છે".

"ચલ ચલ નીકળ અહીંથી આજ પછી દેખાતો નહીં.

આ દુકાનની આસપાસ મારી દુકાનમાં આવતી દરેક બેન દીકરીની ઈજ્જત મારી જવાબદારી છે".

યુવાનને ભગાડ્યો ને પોતાના મોબાઈલમાં રહેલા એક ફોટા સામે જોઈ રહ્યો. તરત જ દુકાનમાં રહેલી દરેક મહિલાએ તાળીઓના ગડગડાટથી રઘલાનો આભાર માન્યો .

બધી બહેનોએ રઘલાની દુકાનમાંથી રાખડી લઈ સૌ પહેલા રઘલાનેજ બાંધી. અને તે બોલી, "રઘલા આજથી તું અમારો ભાઈ" .

લો બોલો રઘાભાઈ ,"હવે હિસાબ કરી દો રાખડીઓનો"

"અરે ના..રે આજે તો રક્ષાબંધન ફળ્યું મને આટલી બધી બેનો મળી છે".

"અને રઘલો બેનો ના કઈ ભાવ ગણે"?

"ખપ પડે તમને કામ આવી શકું તો ઘણું"

રઘલાએ દુકાનના માણસને કહ્યું, "આસપાસથી મીઠાઈ લાવવા અને રઘલાએ બધી બહેનોનું મીઠું મોઢું કરાવ્યું".

અને ક્યારનો ચુપ ચુપ બેઠેલો રઘલો ખુશખુશાલ થઈ ગયો.

ત્યાં દુકાનનો એક માણસ બોલ્યો, "વાહ કુદરત છે બાકી ક્યાં ગયા વર્ષે આપણા શેઠે પોતાની એક ને એક લાડકવાઈ બેનને અકસ્માતમાં ગુમાવી હતી. ને પોતાના કાંડે આ વખતે રાખડી નહીં આવે એ વિચારથી તે ગમગીન હતો. અને ત્યાં આ આટલી બધી બહેનોનું વ્હાલ અને રાખડી મળી ગઈ.

આભાર છે ઈશ્વરનો એણે રઘલાની એક બેન લઈ લીધી, પણ આટલી બધી બેનો આપી દીધી. બધી બહેનોએ રઘલાને રાખડી બાંધીને ઓવારણા લીધા.

ને બોલી, "ખરેખર રઘલા જેવા પુરુષો હોય જેની નજરમાં દરેક સ્ત્રીનું સન્માન હોય ને એના પર આંચ ના આવવા દે.

"ખરેખર એ જ ભાઈ આ રક્ષાનું બંધન બંધાવી શકે કે જે પોતાના કાંડે રાખડી બાંધી પોતાની બેનને અને બીજી દરેક બેન દીકરીને સન્માનની નજરથી જોઈ શકે"

રઘલાની રક્ષાબંધન ઊજવાય ગઈ.

# સગપણ અને વિવાહ એક સમસ્યા

- પિનાકી સૂ. શુક્લ, રાજકોટ.મો. ૯૩૧૩૦૫૧૪૫૮

સમયનો પ્રવાહ અવિરત છે છતાં બદલાતો રહે છે. બદલતા જતા આ સમયની અસર સમાજ ઉપર પડે છે. સામાજિક જીવનમાં પણ ફેરફાર આવે છે. સુધરવા કરતા ન ધારેલા બદલાવ લાવે છે, તેની અસર આપણા કૌટુંબિક જીવન પર પણ પડે છે.

આપણી નાગર જ્ઞાતિ એટલે સુશીલ, સંસ્કાર ધન અને સુજન ઉપર પણ પડી છે. આપણે સાંભળીએ છીએ, જોઈએ છીએ કે, આપણા યુવા ધનમાં સગાઈ લગ્નની ઓટ આવી છે. સગાઈ થતી નથી એટલે લગ્ન પણ અટકી જાય છે. આ સમય તથા બાહ્ય વાતાવરણની અસર છે. દશાવતરના ગરબામાં જે તે સમયે નિરૂપણ કરેલ છે કે 'દાડે દિએ કળિયુગબળ કરશે' એટલે આપણે કળિયુગ અસર નીચે છીએ.

પલટાતા જતા સમયમાં પહેલાના જમાનામાં સગાઈ સગપણ એટલે બે કુટુંબોનું મિલન. સંબંધ મજબૂત કરવો ઉમેદવાર કન્યા કે વરના માતા-પિતા જ કુટુંબ જોઈને સગાઈમાં સંમત થતાં અને આજ્ઞાંકિત પુત્ર પુત્રીઓ પણ માતા-પિતા આપણું હિત જ જોવે છે તેમ માની તેમનો સગાઈનો નિર્ણય માથે ચડાવતા. સગાઈમાં સંસ્કૃતિ અને સંસ્કાર જ જોવાતા. શું આપણે ભૂતકાળનું પરિવર્તન ન કરી શકીએ? અત્યારે લગ્નના ઉમેદવારોની અપેક્ષા વધતી ગઈ છે. બહારના વાતાવરણની અસર છે. અપેક્ષાઓમાં બાંધછોડ કરીને માતા પિતાની ચિંતા ઓછી ન કરી શકીએ? પરણવા લાયક પાત્રોના મા-બાપને સંસારિક ઉપાધિ હોય છે. તેમાં પુત્ર-પુત્રીની સગાઈ લગ્નની ચિંતા હાલના સંજોગોમાં મુખ્ય છે....ખલીલ ધનતેજવી કહે છે...

"ખલીલ, ઉપરથી અકબંધ છું, અડિખમ છું એ સાચું છે પણ અંદરથી જુઓ હું ક્યાં ક્યાંથી તૂટી ગયેલો છું."

એ દશા મા બાપની હોય છે, બાકી..

*"The success of a marriage lies so much as in marrying the right person as is in adopting the attitude towards you marriage and partner."*

લગ્નની સફળતા એ વ્યક્તિની શોધ કરતાં યોગ્ય વ્યક્તિ બની રહેવાની જરૂર છે. આ વિચારી આપણા સંતાનોએ વ્યવહારુ બની લગ્નના ઉમેદવારની પસંદગી કરવી જોઈએ.

કુટુંબમાં તો આપણે ભાગ્યે જોવું પડે કારણ કે આપણી સંસ્કૃતિ અને સંસ્કારો જ આપણી ઓળખ છે. સંસ્કૃતિ માણસોના સંસ્કારમાંથી નિર્મિત થાય છે અને સભ્યતા તેનું નાગરિક સ્વરૂપ છે.

લગ્ન ઈચ્છુક બંને પાત્રો સમજુ હોય પ્રથમ મુલાકાતમાં જ બધી સ્પષ્ટતા કરી લઈ, જરૂર પડે તો બીજી મુલાકાત પણ ગોઠવી શકાય. બંને પત્રોએ એકબીજાના સ્વભાવની વાત કરી જાણી લેવી જોઈએ. કોઈ નબળી કડી હોય તો તેમાં સુધારો કરી શકે કે કેમ તે પણ ચર્ચી લેવું જોઈએ. બંને પાત્રોએ સહનશીલતા બતાવી ને એકબીજા ના સ્વભાવને અનુકૂળ બનાવવા તૈયારી બતાવવી જોઈએ. સહનશીલતા એ સંસ્કાર સભ્યતાની પારાશીશી છે. બીજી રીતે અનુકૂળ હોય તો જે મુદ્દા પર, ગૌણ ગણી જતું કરવાની ભાવના રાખવી જોઈએ.જરૂર પડે તો વડીલોનું માર્ગદર્શન સોનેરી શિખામણ થઈ પડે.

આવો વ્યવહારુ રસ્તો અપનાવીએ તો બંને પાત્રો તથા માતા પિતાની ચિંતા ઓછી થાય. ગૃહ સંસારમાં એકબીજાના સ્વભાવને પારખી શાંતિ રાખવાની ટેવ કેળવીએ તો ઘર એક મંદિર જ છે તેવો અહેસાસ થાય..

## બાળ ઉછેરમાં આધ્યાત્મિક સ્પર્શ - પ્રણામી બુચ દેસાઈ - મુંબઈ.

સમય ભાગી રહ્યો છે. બાળકો મોટાં થઈ રહ્યાં છે. ૨૧મી સદીના બાળકોને શું નથી આવડતું? ભણતર, મોબાઈલ, કોમ્પ્યુટર, રમત ગમત, સંગીત, નૃત્ય વગેરે દરેક ક્ષેત્રમાં આજની પેઢી આગળ છે પરંતુ ક્યાંક કશુંક ખોટું હોય એવી અનુભૂતિ થાય છે.

બાળકો તો હોશિયાર છે જ પણ, મા બાપ પોતાના કામમાં વ્યસ્ત છે અને જે સમયની બાળકને જરૂર છે તે આપી શકતા નથી. બાળ ઉછેરમાં જે સંસ્કાર સિંચન મા બાપ કે વડીલો કરી શકે તે કોઈ શાળા શીખવી શકતી નથી. મા બાપ અને ઘરના વડીલો સાથે મળીને બાળ ઉછેરમાં થોડો આધ્યાત્મિક સ્પર્શ આપે તો આવનારી પેઢી માટે તે આશીર્વાદરૂપ બની જાય.

માતા પિતાએ કેટલાક સંસ્કાર આપવા જરૂરી છે, જેમ કે..ઘરમાં વડીલો પૂજાપાઠ કરતા હોય ત્યારે બાળકો તેમની સાથે થોડો સમય પસાર કરે તો ઘણું બધું આપમેળે જ શીખી જાય બાળકોને સરસ હકારાત્મક ઉર્જા મળે. થોડો સમય ફાળવીને ક્યારેક બાળકોને મંદિરે લઈ જઈ શકીએ તો તેમને આનંદ થશે અને સાથે સાથે અધ્યાત્મિક ચેતનાનો સંચાર પણ થાય. ઉપરાંત બાળકોને ઈશ્વરનો આભાર માનતા પણ શીખવવું જોઈએ, જે આપણી પાસે છે પરંતુ બીજા પાસે નથી માટે ઈશ્વરના આભારી. જરૂરિયાત મંદોને મદદરૂપ થવા તથા આપણને જે અન્ન મળે છે તેનો આદર કરતાં અને બગાડ ન થાય તે પણ શીખવવું જોઈએ કારણ ઘણા લોકો એવા છે જેને બે ટંક ભરપેટ ભોજન મળતું નથી.

આપણે નાના હતા ત્યારે પરીક્ષા હોય કે કંઈ પણ નવું કાર્ય ચાલુ કરવાનું હોય તો સૌ પહેલા વડીલોના આશીર્વાદ મેળવતાં. આનાથી બંને પેઢી વચ્ચેનું અંતર ઓછું થશે અને બાળકમાં હકારાત્મકતા, આત્મવિશ્વાસ અને હિંમત આવશે. વડીલોનો અનુભવ બાળકોના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે.

બાળ ઉછેર અને તેના ઘડતરમાં તહેવારો ઉત્સવોનું પણ ઘણું મહત્વ છે દરેક તહેવારો કે ઉત્સવો પાછળ તેનું મહત્વ શું છે તેનો ઇતિહાસ શું છે, તે શીખવવું જોઈએ. દરેક તહેવારો કે પ્રસંગોમાં કોઈ એક પ્રવૃત્તિ બાળકોને સાથે રાખીને કરવી જોઈએ. નવરાત્રીમાં આરતી, ગરબા, દિવાળીમાં લક્ષ્મી પૂજન, રંગોળી, ગૃહ સજાવટ વગેરેમાં બાળકોને જોડવા જોઈએ, જે દ્વારા તેમનામાં ઉત્સાહ, ઉમંગ દ્વારા એક નવી જ ઉર્જા જોવા મળશે. શક્ય હોય તો વર્ષ દરમિયાન આવતા તહેવારોની નાને પાયે ઘરમાં ઉજવણી થવી જોઈએ. જેથી એ બહાને ઘરના બધા જ સભ્યો થોડો સમય સાથે વિતાવી શકે, આનંદ ઉત્સાહનો માહોલ સર્જાય સાથે કુટુંબ ભાવના પણ વિકસે.બાળકોના ઉછેરમાં આ રીતે આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવે છે, આવનારા સમયમાં નવા પડકારો કે વિપરીત પરિસ્થિતિ સામે લડવાની હિંમત અને હકારાત્મક વલણના બીજ અહીંથી જ રોપાય છે.

જે ઘર કુટુંબમાં ત્રણ પેઢી એક સાથે રહેતી હોય અને તે વાતાવરણમાં જો બાળકનો યોગ્ય ઉછેર થાય તો એ સૌથી ઉત્તમ વાત છે. બાળકના જીવન ઘડતર માં અન્ય બાબતોની સાથે આ સંસ્કારને પણ એટલું જ મહત્વ આપવાની જરૂર છે. આધુનિકતા અને સંસ્કારનો સુભગ સમન્વય આવનારી પેઢીને બધી રીતે કાબેલ અને સક્ષમ બનાવશે.

ચાલો, બાળકોના ભવિષ્યને વધુ ઉજવળ કરવા સાથે મળીને પ્રયત્ન કરીએ.